सूर्यप्रकाश प्रीन्टींग प्रेसमां पटेल मगनलाल लक्ष्मीचंदे छाप्युं
पानकोर नाका—अमदावाद.

સમર્પણ.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય મહારાજ !

આપ જૈનશાસનના સ્તંભ છો. આપના ગુણો વર્ણનાતીત છે. આપે ગુર્જરેશ્વર કુમારપાલને પ્રતિબોધ આપી ગુજરાતને જિનમંદિરોથી અલંકૃત કરાવી અમજનો ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. સિદ્ધહૈમ શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન, છન્દોનુશાસન, ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, પરિશિષ્ટપર્વ, યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા, સંસ્કૃત પ્રાકૃત દ્વયાશ્રયકાવ્ય, અભિધાનચિંતામણિ, નિઘંટુકોષ, અનેકાર્થકોષ, દેશીય નામમાલા વિગેરે આપની કૃતિઓ પ્રતિભાસમાન અનેક ગ્રન્થો આપની સાહિત્યસેવાના પુરાવારૂપ છે. જૈનેતરીય તેમજ પાશ્ચાત્ય અનેક વિદ્વાનો આપની ઉપયોગી કૃતિઓનો અભ્યાસ કરી મુક્તકંઠે પ્રશંસા કરે છે અને સાક્ષાત્ વાગ્દેવતાના અવતારરૂપી ખ્યાતિ [illegible] સ્થાપન કરી આપને નિરંતર અર્પે આપ છો. અમારાથી આપનું [illegible]

[illegible]

વિષયાનુક્રમ

शुद्धिपत्रकम् ।

पृष्ठम्	पङ्क्तिः	अशुद्धिः	शुद्धिः
		प्रन्थारम्भाया ।	
५१	१७	इत	इति
५१	१९	प्रन्थनामप्रारम्भेन	ग्रन्थनामप्रारम्भेन
५९	१८	भगम्य कोग	भगम्ये कोप
५९	१९	मुद्रिका	मुद्रिका
		मूलग्रन्थानाम् ।	
१	६	प्रशस्यग्रन्थगत	प्रशस्यग्रन्थेन
५	७	मान	मत
६	२१	गुणत्व	गुणित्व
११	१	रत्नगुन	रत्नगुण
११	३	वक्रीव.	वक्रीय.
१७	२२	परमविरम्भं	परमार्थिकरम्भं
२९	१५	वाग्भट	श्रीमद् वाग्भट
३१	२०	शनश्चर	शनैश्चर
३१	२१	शनैश्चरण	शनैश्चरेण
३५	५	[विबुधइ	विबुधार्थीइ
३७	७	कीदृशा	कीदृशौ
३७	७	प्रकृतः	प्रकृति.
३७	९	क्रमणात्	भ्रमणात्
३९	५	तस्कर	तस्कर–
४०	१	धत	धृत
४०	८	धतिभिः	धृतिभि.
४०	८	धत	धृते
४०	१८	धतिभि	धृतिभि.

पृष्ठम्	पङ्क्ति	अशुद्धिः	शुद्धिः
४१	४	धतुनि	धृति
४४	१४	धत	धृत
४४	१५	धत	धृत
४८	७	नित्तमभि	चित्तमभि
४९	३	घर्पणात्	धर्षणात्
४९	२१	धतिभि.	धृतिभि·
५०	४	धर्णनम	वर्णनम्
५०	१४	चन्द्राऽभि	चन्द्रोऽभि
५१	१४	धतिभि	धृतिभि
५६	१०	धतधरैः	धृतधरैः
५७	३	सोऽह	सोऽहं
५७	६	आरापित	आरोपित
७८	१४	प्रमय	प्रथम
८१	२१	भोह	मोह
८७	७	यमेकं	स्यमेकं
८९	(टिप्पणके)	बाल	बाल॰
८९	,,	तथा या	तथा बा॰
९४	९	दरः	भद्रः
९६	१५	शाब्दा	शाब्दो
९८	१७	'भगदेव !'	'भगदेव'
१०१	८	सिद्धसुरे !	सिद्ध ! सुरे
१०८	१३	गम.–गति	अगमः–अगति
११२	१९	(अभि. ९	(अभि. २
११३	३	वीरोपळव	वीरोत्सव
११७	१९	इति इयति	इयति इति

पृष्ठम्	पङ्क्ति	अशुद्धिः	शुद्धिः
११०	१	नृपि	नृपापद्द:
११०	१७	'सिद्धसूरे !' सिद्धसेनदिवाकर ।	सिद्धसूरे-सिद्धसेन-दिवाकरै
१२२	१०	श्रते·	श्रुतेः
१२३	३	पटिमनप्रकृष्ट	पाटनपरिष्ठप्रकृष्ट
१२३	१५	ध्वन्यते !	ध्वन्यते ।
१२५	१	श्रीजयसिंहसूरिः	श्रीजयसिंहदेव·
१२५	११	इत्यर्थ. ।	इत्यर्थः ।
१२५	२०	रेव	रेव
१२७	१५	श्रीअजयदेवः—	श्रीअजयपालदेव —
१३१	१०	क्षान्ति	क्षान्ति
१३१	२१	निर्मित	निर्मिति
१३४	४	ऋतुकर्मणे भापान्तरस्य ।	ऋतुकर्मणे
१५५	१	मनाम भूमि	मनाम्रभूमि
१५५	२	रुच्ठाभे	रुच्यूत्राते
१५५	६	नीतोऽमा	नीतोऽमौ
१८४	(टिप्पन)	ध्यान विज्ञान मास्तिक्य	ज्ञानं विज्ञान-मास्तिक्यं
१९४	,,	साधीया	साधीया
१९८	१३	यदेकेनै तस्मिन्	यदेकेनैतस्मिन्
२०५	(टिप्पन)	मंद भौमाग्या	मन्दभौमाग्या
२१८	११	माणिका	माणिक्य
२१८	१०	नृपतिभेजे	नृपतिभेज

પ્રાક્ કથન—

પ્રાતઃસ્મરણીય પંડિતપ્રવર બાલબ્રહ્મચારી જૈનાચાર્યો અને
ધર્મધુરંધર સાધુવર્યોએ રચેલી સાહિત્યની અમૂલ્ય કૃતિઓનો સંગ્રહ
મારી ગ્રન્થાવલિના બીજા પુષ્પ તરીકે જનતાસમક્ષ રજૂ કરતાં આજે
મારા આત્માને જે અનહદ આનન્દ થઇ રહ્યો છે, તે તો માત્ર
અનુભવી શકાય : કહી શકાય નહિ !, પરન્તુ વાસ્તવિક રીતિએ આ
ગ્રન્થરત્નને સર્વાંગ સમ્પૂર્ણ અને સુન્દર બનાવવાનો સુયશ પૂ પા૦
દક્ષિણ વિહારી મુનિરાજ શ્રીઅમરવિજયજી મહારાજના પરમવિનેય
બાલબ્રહ્મચારી વિદ્વદ્રત્ન ગુરુદેવ શ્રીમત્ ચતુરવિજયજી મહારાજનાજ
ાન અને શ્રમને ફાળે જાય છે

આ અનેકાર્થ સાહિત્યસંગ્રહ પ્રસિદ્ધ કરવાની ભાવના બે ત્રણ
વર્ષથી થયેલી, ગત ચતુર્માસ દરમ્યાન પૂજ્ય આચાર્યદેવ શ્રી
વિજયનીતિસૂરિજી મહારાજને તે સમ્બન્ધી વાત કરતાં તેના પ્રકાશ-
નના કાર્ય માટે ઉપદેશ આપીને આર્થિક મદદ અપાવરાવી અને પૂજ્ય
ચતુરવિજયજી મહારાજ તથા મારા દરેક ગ્રન્થપ્રકાશનના કાર્યમાં
પ્રત્યક્ષ અગર પરોક્ષ રીતે સહાયતા કરનાર પાટણ બિરાજતા વયોવૃદ્ધ
ગુરુદેવ પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન શ્રી
ચતુરવિજયજીના પરમવિનેય વિદ્યમાન્ પૂ. ગુરુદેવ શ્રીપુણ્યવિજ-
યજીની શબ્દાતીત સહાયથી આજ પ્રત્યક્ષરૂપે એ ભાવના ફળી

તેઓશ્રીની નિખાલસતા વિગેરે ગુણોથી આકર્ષાઇને મલી આવી
તેટલી તેમના જીવનની રૂપરેખા દોરવા અને તેને ચિરસ્થાયી રાખવા
આ અમૂલ્ય ગ્રન્થરત્નની સાથે તેને તેમની સંમતિ વિનાજ જોડી
દેવામાં આવે છે તે માટે તેઓશ્રી પાસે ક્ષમા યાચુ છું.

સારાભાઇ નવાબ

પ્રસ્તુત ગ્રન્થમાં ગુર્જરભૂમિમાં અહિંસાના બીજને આરોપિત કરવાના કારણભૂત પરમાર્હત કુમારપાલ ભૂપતિની તથા સિદ્ધરાજ જયસિંહદેવની વિનંતિથી સિદ્ધહેમવ્યાકરણના કર્તા કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીના શિષ્ય શ્રીવર્ધમાનગણિની એકની એક કૃતિ તથા તેમના સમકાલીન શ્રીસોમપ્રભસૂરિની વિદ્વત્તાભરી કૃતિ અને બીજા અજ્ઞાત વિદ્વાનોની અત્યારસુધી અમુદ્રિત રહેલી કૃતિઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ વિષે વિશેષ જાણવાજોગ હકીકત તો પ્રસ્તુત સમ્પાદકની પ્રસ્તાવનામાંથી મળી રહે તેમ છે.

આ પુસ્તક કલિકાલ ભગવાન્ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને એજ કારણે સમર્પિત કરાયું છે કે—તેજ પુણ્યપુરૂષની નિર્મલ કૃતિના સાહિત્યસાગરમાંથી આવા અનેકાર્થ ગ્રન્થરત્નોની ઉત્પત્તિ મુખ્યત્વે થએલી છે.

આ નિવેદન પુરૂ થતાં પહેલાં મારા સ્વર્ગસ્થ ચિરંજીવી શરત-કુમારનું મને સ્મરણ થઇ આવે છે, કારણ કે જે દિવસે આ ગ્રન્થ રત્નને મેં છપાવવાની શરૂઆત કરી હતી તેજ દિવસે તેનો જન્મ અને આ નિવેદન લખું છું તેજ દિવસે તેનું અવસાન મને સૂચના આપે છે કે કર્મસત્તા બહુજ બલવાન છે. માટે સારા કાર્યોને જલ-દીથી પુરા કરવાની કાળજી રાખવી જોઇએ.

પ્રાન્તે આ પછીના મારા તરફથી ચાલુ થએલી આ ગ્રન્થા-વલિના બીજા પુષ્પોની જાહેરાત આ ગ્રન્થમાં આપેલી છે તે તથા આ ગ્રન્થોનો આદર પાશ્ચાત્ય દેશોના વિદ્વાનો કેવી રીતે કરે છે તે આ પુસ્તકના પાછળના ભાગમા આપવામાં આવેલા "જૈનસ્તોત્ર સંદોહ ભાગ ૧લા "ના અભિપ્રાયો વાંચવા માટે વાંચકોને ભલામણ કરી વિરમુ છું.

પ્રકાશક—

સંવત્ ૧૯૯૧ પોષ કૃષ્ણા પચમી	}	સારાભાઇ મણીલાલ નવાબ. નાગજી ભુદરની પોળ—અમદાવાદ.

ॐ

શ્રી ગિરનારાદિ પ્રાચીનજૈનતીર્થોદ્ધારક આચાર્યદેવ

શ્રીવિજયનીતિસૂરિજીની

ટુંક

જીવન પ્રભા.

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય દેવેશ ૧૦૦૮

શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ



વાભિગ્નાગાદિ પ્રાચીન જૈન તીર્થોદ્ધારક તથા પ્રાચીન જૈન સાહિત્ય પ્રકાશન કાર્યમાં અનન્ય સહાયક અને ઉત્તેજક

ॐ

બાળબ્રહ્મચારી-

શ્રીમાન્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજશ્રીની

ટુંક જીવનપ્રભા

જગતનું શ્રેય કરનાર અને જગતના જનોને જ્ઞાનરૂપી ચક્ષુઓ આપી ભવ ભ્રમણના ફેરા ટાળનાર શ્રી-તીર્થંકરદેવોને હું પુનઃ પુનઃ નમસ્કાર કરૂં છુ

જેઓ સૂર્યના કિરણોની માફક પોતાના શુદ્ધ જીવન રૂપ કિરણોથી અજ્ઞાન અંધકારનો નાશ કરે છે અને સમ્યક્ તત્ત્વનો પ્રકાશ કરે છે, એવા શ્રી સદ્‌ગુરૂ દેવને હું વારંવાર નમસ્કાર કરૂં છું

જે વિદ્વાનોના મુખ્ય સરોવરમાં રાજહંસી સમાન ક્રીડા કરનારી તથા ઉજ્જવળ કાંતિવાળી અને સંસારના તાપને દૂર કરવામાં સજળ સરિતા સમાન છે તે શ્રીમતી સરસ્વતી દેવી સદા જયવંતા વર્તો.

જીવનની ઉજ્જવળતા એજ છે કે જીવનમાંથી મોહનો નાશ થયો હોય, મોહજાળને દેશવટો દીધો હોય અને આ અસાર સંસારની માયા ઝાંઝવાના જળ જેવી છે એવો ખરો આભાસ અંતઃકરણમાં થયો હોય એવી સ્થિતિએ પહોંચેલ જીવનને વિરાગી એટલે રાગ રહિત જીવન કહેવાય છે આવી સ્થિતિએ પહોંચેલ મનુષ્ય અન્ય જનોનું જીવન સુધારી શકે છે અને પોતાના જીવનની પ્રભાનો પ્રકાશ પાડી સમાજને ઉચ્ચ માર્ગે આકર્ષે છે ઉચ્ચ કાર્યોમાં તેનુ જીવન દૃષ્ટાંત રૂપ થઇ પડે છે. કેમ કે વ્યવહાર દૃષ્ટિ અનુકરણીય છે બાળકો

નિહાલચંદભાઇને બીજા પણ ભાઇઓ અને બે બહેનો હતાં ત્યારે તેમની આગળ અપોતી કુટુંબમાં પગાર થયા હતી. બાળવયમાં તેમને શેઠની ઘરે વધારે પડતું ઓળખું કે અન્ય છેકરાઓની સાથે રમતગમતમાં દાખલ થયું એ આગળ ભીસકુલ નહોતી. લગભગ છ વરસની ઉંમરે થતા થોકાનેર તાલુકા સ્કુલમાં અભ્યાસ કરવા માટે દાખલ કરવામાં આવ્યા. એટલી નાની વયમાં જૈનશાળામાં જૈન ધર્મનું શિક્ષણ લેતા પણ દરરોજ સવારમાં વહેલા દાખલ થઇ જતા. કુદરતી બુદ્ધિમત્તાથી ૧૨ વર્ષની વયમાં ગુજરાતી છ ધોરણ પુરાં કર્યા અને ઈંગ્લીશ સ્કુલમાં દાખલ થયા. ઇંગ્લીશ ચાર ધોરણ પુરાં કરી સ્કુલ છોડી દીધી. નિહાલચંદભાઇને માટે હેડમાસ્તરે તેમના પિતાશ્રીને આગ્રહ કર્યો કે તમારા આ પુત્રને પૂરો અભ્યાસ કરાવો, કારણ કે તેનામાં એવા ઉત્તમ લક્ષણો તથા બુદ્ધિ છે કે જેથી તે ભવિષ્યમાં તમારા કુળને અત્યન્ત દીપાવશે. પરંતુ શ્રી નિહાલચંદભાઇનું મન વૈરાગ્યમાં મગ્ન થવાથી વ્યવહારિક અભ્યાસ આગળ વધારવા તેમની ઇચ્છા ન હતી પણ પોતાના આત્માનું સાર્થક કરવા તત્પર રહેતા હતા. તેથી હમેશા ધર્મનું શિક્ષણ લેવું, દેવદર્શન કરવાં, અને જે કોઇ મુનિવરનો મેળાપ થાય તો તેમની પાસેથી આત્માનું કલ્યાણ થાય તેવા ઉપદેશ સાંભળવો આ તેમનો નિત્યક્રમ હતો. ચાર ધોરણ સુધી ઇંગ્લીશ અભ્યાસ કર્યો તેની સાથે પાંચ પ્રતિક્રમણ અને બીજા ગ્રંથો પણ તૈયાર કર્યા હતા.

ઉભય ટંક આવશ્યક કરવા, પૂજા કરવી, વગેરેમાં ત્રુટિ પડે-વાડતા નહીં વળી વખતોવખત આવતાં જતાં મુનિવર્યોની સેવા શુશ્રૂષાથી તથા તેમના સમાગમથી, તેમના ઉપદેશાદિકથી તેમનો આત્મા વધુને વધુ [illegible] થતો ગયો અને આ સંસારમાં રહેવું દુઃખમય છે એવું તેમને ક્રમે ક્રમે ભાન થયું અને હવે આ સંસાર કારાગાર-માંથી કેમ છુટા થવું એમ વિચારણા કરવા લાગ્યા. આખરે તેમણે વિચાર [illegible] નિશ્ચય કર્યો કે ચારિત્ર ધારણ કરવું પણ જો વડીલ [illegible] ની મુરાદ પાર પડી નહીં તેથી

થવું જોઇએ કે ફરીવાર જન્મ મરણ થવાનો વારો ન આવે. જ્યાં સુધી આ દેહમાં આત્મા છે ત્યાં સુધી જન્મ મરણના ફેરા ટાળવા માટે આત્માનું ભલું કરવા ધર્મનું શરણુ લઇ કોઇપણ શુભ કાર્ય કરી લેવુ જોઇએ. કારણ કે કાળની કોઇને ખબર નથી."

નિહાલચંદભાઇનું અંતઃકરણ કોમળ શુદ્ધ અને નિખાલસ હતું તેથી દેહની અસ્થિરતા બરાબર સમજી સંસાર તરફની મોહમાયા તદ્દન નષ્ટપ્રાય થઇ ગઇ અને આ સંસારનો ત્યાગ કરી ચારિત્ર ગ્રહણ કરવાની ભાવના થઇ, પણ શ્રીમંત અને ખાનદાન કુટુમ્બનો સગીર ઉમરનો પુત્ર સંસારી સગવડમાં કોઇપણ જાતની ન્યૂનતા નહીં હોવા છતાં ચારિત્ર લઇ ચાલી નીકળે એ વાત જગજાહેરમાં (?) ચડવાના ભયથી પોતે કરેલો દૃઢ નિશ્ચય પોતાના કુટુંબના કોઇપણ માણસને જણાવ્યો નહીં

જે મનુષ્યનો સંસાર ઉપરથી મોહ નષ્ટ થાય છે તે મનુષ્યને સંસાર ખારા જળ જેવો લાગવાથી તેને ધર્મ સિવાય બીજું કાંઇપણ પ્રિય લાગતું નથી.

નિહાલચંદભાઇ વખતોવખત વડીલોની આજ્ઞાને માન આપતા. કોઇ વખતે તેઓએ વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું નહીં, પરંતુ ચારિત્ર લેવામાં વડીલોની આજ્ઞાની જરૂર જણાતાં તેઓ ભારે મુંઝવણમાં પડ્યા તોપણ તેઓએ શ્રીમદ્ જૈનાચાર્ય વિજયસિદ્ધિસૂરિજીને ચારિત્ર આપવાને નમ્રસ્વરે વિનતિ કરી શ્રીમદ્ આચાર્ય મહારાજે ઉત્તર આપ્યો કે જૈન શાસ્ત્રના ફરમાન મુજબ માતપિતા અને વડીલજનોની આજ્ઞા સિવાય કોઇપણ વ્યક્તિને અમારાથી ચારિત્ર આપી શકાય નહીં. માટે તમારા માત–તાતની સંમતિ મેળવીને આવો એટલે યોગ્ય તજવીજ કરશું આવો ઉત્તર સાંભળીને શ્રીયુત નિહાલચંદભાઇના અંતઃકરણમાં ખૂબ જ આઘાત થયો. અને હવે કયો રસ્તો લેવો, તેનો વિચાર કરતા માંડ્યો વતનમાં જવાથી માતપિતા રજા

શા તરફથી ઉજમણાની શરૂઆત થઇ. અઠ્ઠાઇ મહોત્સવના છેલ્લે
વસે શાહ સાંકલચંદ પાનાચંદ તરફથી આખા ગામને (અઢારે
ાતને) જમાડી હતી ઉપરના શુભ કાર્યમાં ઉપર જણાવેલ ધર્મ
ૂમી ગૃહસ્થો તરફથી પંદર હજાર રૂપીયાનો વ્યય કરવામા આવ્યો
હતો અને દરેક ખાતામા સારી ઉપજ થઇ હતી.

ચાતુર્માસ માટે વિજાપુરના આગ્રહથી તેઓશ્રી વિજાપુરમાં પધાર્યાં ત્યાના શેઠ નથુભાઇને ત્યા બેચરભાઇ કરીને પટેલ રહેતા હતા તેમનો આત્મા વાસિત થયેલ હોઇને મહારાજશ્રીના પરિચયમાં આવ્યા અને તેઓ તથા ડાહ્યાભાઇ એમ બન્ને જણાએ મહારાજશ્રી પાસે પ્રકરણ તથા વ્યાકરણાદિકનો અભ્યાસ શરૂ કર્યો. છેવટે વૈરાગ્ય પામવાથી સંસાર ત્યાગ કરી દીક્ષા ગૃહણ કરી. બેચરભાઇનું નામ બુદ્ધિસાગરજી રાખવામા આવ્યુ (પાછળથી જેમને આચાર્ય પદવી મળી હતી તે) તથા ડાહ્યાભાઇનુ નામ દાનવિજય રાખ્યું. એ રીતે સ. ૧૯૫૦નું ચોમાસું વિજાપુરમાં કર્યુ.

ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી અનુક્રમે રાજનગર (અમદાવાદ) ગયા ત્યાં પ્રથમ શેઠ વીરચંદ દીપચંદની હવેલીમા સ્થિરતા કરી પણ લુહારની પોળવાળા શ્રાવકોનો અત્યાગ્રહ થવાથી લુહારની પોળના જૈન ઉપાશ્રયમા સ. ૧૯૫૧નુ ચોમાસુ પૂર્ણ કર્યુ

ચોમાસુ પૂર્ણ થયા બાદ વિહાર કરી અમદાવાદ આસપાસના
ાં તથા તારંગાજી કેશરીયાજી વિગેરે તીર્થોની યાત્રા કરી દીક્ષા
ચેલા ગામ એરવાડામા દેરાસરજીના ધ્વજ દંડનો મહોત્સવ હોવાથી
મા સામેલ થયા તે ક્રિયા પૂર્ણ થયા બાદ સિદ્ધપુર ગયા ત્યા
ુપધાન હોઇ, ક્રિયા કરાવવા માટે શેરીસા વાલમ તીર્થની યાત્રા
કરવા ગયા તે તીર્થની યાત્રા કરી ઉમતા ગામે આવ્યા. ત્યા સમાચાર
મલ્યા કે મહારાજ શ્રી ગુમાનવિજયજી સખ્ત બિમાર છે તેથી તેમની
વૈયાવચ્ચ કરવા નિમિત્ત તુરત અમદાવાદ ગયા (ચૈત્ર વદ ૮)

ગુમાનવિજયજી મહારાજની બીમારી લગભગ ૭ માસ પર્યંત ચાલવા[illegible]
તે ચોમાસું અમદાવાદ કરવા નક્કી થયું.

ચોમાસાના વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્રી સિદ્ધાચલ મહા[illegible]
વાંચવામાં આવતું અને પવિત્ર તીર્થાધિરાજની વિધિપૂર્વક યાત્રા [illegible]
નારને તથા કરાવનારને કેટલો મહાન્ લાભ થાય છે, તે સમજા[illegible]
એ રીતે સં. ૧૯૫૨ નું ચોમાસું પણ અમદાવાદમાં પસાર કર્યું.

ત્યાંથી વિહાર કરતી વખતે મહારાજશ્રીના ઉપદેશથી [illegible]
પોળવાળા શાહ મોતીલાલ વીરચંદ ચાલીસદબાર વાળાને શ્રી સિ[illegible]
ગિરિજીનો સંઘ કાઢવાની તીવ્ર અભિલાષા થઈ અને તેઓ પંન્યાસ [illegible]
પ્રતાપવિજયજી ડી સમગ્ર સંઘ કાઢવાની પ્રતિજ્ઞા પૂરા ભાવપૂર્વક લી[illegible]
ત્યાંથી મહારાજશ્રી વિહાર કરી ઉમતા ગયા અને ત્યાંથી વીસનગ[illegible]
ગયા. દરમ્યાન અમદાવાદથી સંઘ નીકળવાનો હતો તેમાં પધાર[illegible]
વીનતી થતાં તેઓશ્રી અમદાવાદ આવ્યા અને માકાકજીભાર પાંચિ[illegible]
મંડળની સાથે સિદ્ધાચળજીની યાત્રા કરવા માટે સંઘની સાથે વિ[illegible]
હાર કર્યો. રસ્તામાં જ્યાં જ્યાં મુકામ થતો ગયો ત્યાં ત્યાં ભવ્ય જને[illegible]
ઉપદેશ દેતા શ્રી સિદ્ધાચળજી પહોંચ્યા અને સંઘની સાથે દાદા[illegible]
પવિત્ર દર્શન કર્યા.

સિદ્ધાચળજીની યાત્રા કરી તેઓશ્રી પાટણ ગયા. પાટણ[illegible]
[illegible] તરફથી ચોમાસાની વિનતી થતાં શ્રેત્રાભી[illegible]
[illegible] ચોમાસું ત્યાં [illegible] આ સાલમાં લાભો વખત [illegible]
[illegible] માટે શું થયું [illegible]
[illegible] છે, અને આત્માનું અહિત થાય છે. તે આપ[illegible]
[illegible] ગામવાળીને રહેતા આ[illegible]

[illegible] મહારાજ શ્રી નીતિવિ[illegible]
[illegible] ([illegible]) તે વખતે શ્રેત્રા[illegible]
[illegible] પાટણ નિમિત્તે વાં[illegible]

તેરથી કુલચંદ તેજુસીભાઈ (મહારાજશ્રીના સંસારી પિતા) દર્શનનો લાભ લેવા આવેલ મોહની પ્રબળતાથી સંસારી સ્નેહની લાગણી તેમને થઇ આવી તે ચિકીત્સા મહારાજશ્રીને જણાઇ ગઈ અને તેથી વ્યાખ્યાનમાં પ્રસંગોપાત તેમણે જણાવ્યું કે—

"આ જગત્‌મા ધર્મ વિના બીજું કંઇ સારભૂત નથી.ધર્મવડે જીવ નવ નિધાન, સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરે છે, માટે દુર્બુદ્ધિનો ત્યાગ કરી, સ્વાત્માના કલ્યાણ માટે ઉપયોગ કરવો યોગ્ય છે. આ મનુષ્યજન્મ વારવાર મળતો નથી, અને તેમાં પ્રાપ્ત થએલ કુટુંબ, પરિવાર, માત-પિતા, પુત્ર, સ્ત્રી, ભાઇ, બ્હેન વિગેરે એક જાતની માયા છે. જેમ વાદળની છાયા, વિજળીનો ઝબકારો, અને જળના તરંગોને નાશ પામતા વાર લાગતી નથી. વળી માળે એકત્ર થયેલો પંખીનો મેળો પ્રભાતે વિખરાઇ જાય છે તેવી રીતે સૌ કુટુમ્બ પરીવાર વિખરાઇ જતા વાર લાગતી નથી. જગતમા સૌ સ્વાર્થનું સગું છે, માટે સમજુ માણસો એવા ફાંસલામા નહીં ફસાતાં પોતાના આત્માનું કલ્યાણ કરવા તત્પર થાય છે, મારૂં મારૂં જગત્‌માં સૌ કરે છે પણ તૃણની સળીથી માંડીને ઉંચામા ઉંચી કોટીનું ચિંતામણી રત્ન પણ અહીંઆ મુકીને ખાલી હાથે જવું પડે છે માટે ખોટી માયામા શું મુઝાવું ! જે શરીરને હંમેશા સાફસુફ કરીએ, તેની ચિંતા રાખીએ છતા તેને પણ એક દિવસે છોડીને જવું પડે છે તો પછી બીજા પરીવારમા શો મોહ કરવો ! માટે દેહની અંતર્ગત રહેલા આત્માનું શ્રેય કરવું એજ ઉત્તમ પુરૂષનું કર્તવ્ય છે તેનું શ્રેય થવાથી જન્મ મરણના ફેરા ટળે છે આત્મા અમર છે તે કોઈ કાળે મરતો નથી. પણ તેના ઉત્પન્ન કરેલા સર્વ કર્મો જ્યારે ક્ષય થાય છે ત્યારે તે શિવપદને પામે છે જ્યાં આત્મા આ સંસારની મોહજાળમા લપટાય તો ભવભ્રમણ કરી અંત કરી જાણવા પડે છે પણ જ્યારે આત્માનું ખરું સ્વરૂપ સમજાય છે, આત્મા સત્-ચિત્-આનંદમય છે અને જગતની સર્વ ઉપાધિ માત્ર દુઃખમય છે એવું જ્યારે તેને ભાન થાય છે

ત્યારે તે આત્માને જગતના ભોગ ભાવો સ્પર્શ કરી શકતા નથી, માટે હે ભવ્યજનો ! આ સંસારની મોહજાળ આત્માનું એકાંતે અહિત કરનાર છે. એનું ત્યાગી રત્નચિંતામણિ સમાન શ્રી જૈનધર્મનું ખરા હૃદયથી સેવન કરો. તે વિના આત્માનો વાસ્તવિક ઉદ્ધાર નથી."

મહારાજશ્રીના સંસારીપણાના પિતાશ્રીને તેમજ સર્વ પર્ષદા આનંદ પામી અને સર્વ જનો બોલવા લાગ્યા કે ધન્ય છે આપના કુળને કે જેની અંદર આવા મહાપુરુષનો જન્મ થયો છે.

એ રીતે સં. ૧૯૫૩ નું ચાતુર્માસ પૂજ્ય મહારાજશ્રીએ પાટણમાં પસાર કર્યું.

પાટણમાં ચોમાસું પૂર્ણ થતા બાદ શ્રીપોરના શેઠ મગનલાલ સાંકલચંદના પુત્ર મોહનલાલ ઉજમણાના મહોત્સવ પ્રસંગે પધારવાની વિનંતી કરવા આવ્યા. તેથી કાર્તક વદ ૩ ના રોજ વિહાર કરી શ્રીપોર ગયા. ત્યાં ઉજમણાના મહોત્સવની તથા પંચતીર્થીની રચના થઈ. તેમાં શ્રી સિદ્ધાચલજી, ગિરનારજી, આબુજી, સમેતશિખરજી અને અષ્ટાપદજી એ પાંચ તીર્થોની રચના કરવામાં આવી. મહોત્સવમાં સંઘ તરફથી આઠ દીવસ સુધી રસોડું ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આસપાસના ગામોમાંથી તથા મોટા શહેરોમાંથી લગભગ ૭ હજાર માણસો દર્શનાર્થે આવ્યા હતા, અને આશરે દશહજાર રૂપીઆનો ખર્ચ થયો હતો. એ પ્રમાણે સં. ૧૯૫૪ નું ચોમાસું શ્રીપોરમાં થયું

ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા ત્યાં ચોમાસા દરમ્યાન અને ત્યાર પછી પણ ઘણો સમય રહી પીસ્તાલીસ મૂળ સૂત્રો વાંચ્યા. શાહ હરગોવિંદદાસ વિગેરે ઘણા શ્રાવકોએ તેનું શ્રવણ કર્યું. શ્રોતાઓ શાસ્ત્રના જાણકાર હોવાથી દરરોજ સાત કલાક સુધી વાંચન શરૂ રાખવામાં આવતું એ રીતે સંવત્ ૧૯૫૫ નુ ચોમાસુ અમદાવાદમાં સમાપ્ત કર્યું.

તે સમયે વડનગરમાં હાલમાં કેટલાક જૈનો જૈનધર્મથી વિમુખ થતા જોઈ ત્યાંના આગેવાન ગૃહસ્થ શેઠ નગીનદાસ ઘેલાભાઈ તથા શા. વીરચંદ ખેમચંદ ત્યાં પધારવા અને ચાતુર્માસ રહેવા માટે વિનંતિ કરવા આવતાં મહારાજશ્રી વિહાર કરી વડનગર ગયા. જે જૈનોના પૂર્વ કીર્તિને [illegible] હતી. તેજ જૈનો દિન પ્રતિદિન ઘટતા જાય છે તેથી ઘણું નુકસાન જેવા ધર્મ કોઈ પ્રદેશમાં આવી સ્થિતિ અફસોસ જનક છે એમ જાણી એ માસા દરમ્યાનમાં વ્યાખ્યાન વાંચવાનું શરૂ રાખવામાં આવ્યું હતું અને જૈનધર્મના સેવનથી તેના કેવા શુભ ફળ મળે છે, તે દરેક શ્રોતાઓને સમજાવવામાં આવતું હતું આથી સમાજમાં ભારી જાગૃતિ આવી. ચોમાસા દરમ્યાન ગામમાં કોલેરા (મરકી) નો રોગ પુર જોરમાં ચાલી નીકળ્યો. દરરોજ મરણ થવા લાગ્યા અને દરરોજ લગભગ ૪૦ મરણ થતાં પરંતુ જૈન શાસનના પવિત્ર પ્રભાવથી એક પણ જૈનનું મૃત્યુ થયું નહીં, તેથી અન્ય ધર્મીઓ પણ જૈનધર્મનો આવો પ્રભાવ જોઈ અનુકરણ કરવા લાગ્યા એ રીતે સં. ૧૯૫૧ નું ચોમાસું વડનગરમાં પૂર્ણ કર્યું.

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ઉમતા વિગેરે ગામોમાંથી વિહાર કરીને પાલણપુરના સંઘની વધુ દૃઢ [illegible] તરફથી વિનંતી આવતાં વિહાર કરી પાલણપુર ગયા અને ત્યાં ઉજમણાનો ભવ્ય મહોત્સવ થયો. જેમાં સંઘના તરફથી ભારે પ્રમાણમાં દ્રવ્યનો વ્યય થયો. તે વખતે સુરતથી ખબર મળ્યા કે શ્રીમદ્ આચાર્યસિદ્ધિસૂરીશ્વરજી ભગવતી-સૂત્રના [illegible] છે તેથી મહારાજશ્રી વિહાર કરી સુરત ગયા [illegible] નથી પણ એ પ્રમાણે સંવત ૧૯૫૨ નું ચાતુર્માસ પૂર્ણ કર્યું.

ચોમાસું પૂર્ણ કરી વિહાર કર્યો અને માગસર સુદ ૧ ના રોજ શ્રીજિનપુરમાં [illegible] હાથીભાઈ ઉત્તમચંદને દિક્ષા આપી તેમનું નામ દાનવિજયજી રાખવામાં આવ્યું ત્યારબાદ છાણીમાં માસવાના

ન આસોમજનક છે, માટે તમારા આત્માના કલ્યાણ માટે જ્ઞાના-
શાતના ટાળવા મારી તમને ખાસ ભલામણ છે. મહારાજશ્રીના
ઉપદેશથી થોડા વખતમાં સઘે તમામ જ્ઞાનના પુસ્તકોને સુધારા પર
લાવી યોગ્ય વ્યવસ્થા કરી આશાતના થતી દૂર કરી. એ રીતે સં.
૧૯૫૯નું ચોમાસું અમદાવાદ પૂર્ણ કર્યું.

સુરતવાળા ઝવેરી નગીનદાસ મંછુભાઇ વીનંતી કરવા આવતાં
વિહાર કરી ત્યા ગયા. ત્યા તેનના દેરાસરજીમાં શ્રીવિજયસિદ્ધીસુ-
રિજીની સાથે પ્રતિષ્ઠા કરાવી. સુરતમાં ગોપીપુરાના આગેવાન
શ્રાવક ગૃહસ્થ ઝવેરી નગીનદાસ ઝવેરચંદ વિગેરેના આગ્રહથી ગોપી-
પુરામા નેમુભાઇની વાડીના ઉપાશ્રયમાં ચોમાસા માટે સ્થિરતા કરી
અને અસાડ સુદ ૬ થી ભગવતી સૂત્રના જોગમાં પેઠા. એ પ્રમાણે
સવત ૧૯૬૦ નું ચોમાસુ સુરતમાં પૂર્ણ કર્યું

સુરતમા સં ૧૯૬૧ ના માગસર સુદ ૫ ના રોજ મ્હોટા
મુનીવર્ગો તથા સઘ સમક્ષ ગણીપદ આપવામાં આવ્યું. ચોમાસા
દરમ્યાન રાંદેર વાળાની વારંવાર વીનંતી આવવાથી ચોમાસુ પૂર્ણ
થયા બાદ વિહાર કરી રાંદેર ગયા ત્યાં પોષ માસ સુધી સ્થિરતા
કરી ઉપધાન તપની ક્રિયા કરાવવામાં જોડાયા ત્યાં અમદાવાદ વાળા
શાહ મનાભાઇ ચુનીલાલ તરફથી શ્રી ભોયણીજીમાં ઉજમણાના
મહોત્સવમા આવવા વિનતી થતા વિહાર કરી શ્રી ભોયણીજી ગયા
મહોત્સવનુ કામ પૂર્ણ કરાવવામા આવ્યુ ત્યાંથી વિહાર કરી પાલી-
તાણે ગયા અને સવત ૧૯૬૧ નુ ચાતુર્માસ પાલીતાણે પૂર્ણ કર્યું

પાલીતાણામા સ ૧૯૬૨ ના કારતક વદ ૧૧ રવીવારે પૂજ્ય
શ્રી વિજયસિદ્ધિસુરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સઘ સમસ્ત તથા
પન્યાસ ભાવવિજયજી તથા શ્રાવકો સમક્ષ પન્યાસ પદવી અપવામા
આવી તે સમયી ઓચ્છવ સુરતવાળા ઝવેરી ફુલચદભાઇ તરફથી
કરવામા આવ્યો હતો

પાલીતાણાથી વિહાર કરી શ્રી ગીરનાર તીર્થની યાત્રા કરી [illegible] જૈન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] શ્રીયુત [illegible] તથા રાજકોટવાળા શ્રીયુત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સંઘના દર્શન થયાં હતાં જેથી [illegible] પ્રમાણમાં [illegible] હતી. ત્યાંથી વિહાર કરી ભાવનગર ગયા. ત્યાં [illegible] દિવસ સ્થિરતા કરી સર્વને વ્યાખ્યાનનો લાભ દીધો. ત્યાંથી વિહાર કરી રાજકોટ ચાતુર્માસ માટે પધાર્યા.

ત્યાંના વકીલ સાહેબભાઈ વાલજી તરફથી સમવસરણની રચના કરવામાં આવી હતી, તથા નવકારશી પણ કરી હતી. આ શુભ પ્રસંગે આસપાસના ગામડાઓમાંથી અને મોટા શહેરોમાંથી જૈનોની મોટી સંખ્યા દર્શનાર્થે આવેલી હતી, તે સર્વ જૈનોનું સારી રીતે સ્વાગત થયું હતું એ પ્રમાણે સં. ૧૯૭૨ નું ચોમાસું રાજકોટમાં પૂર્ણ કર્યું.

રાજકોટનું ચોમાસું પૂર્ણ થવા બાદ વિહાર કરી ચોટીલે ગયા. તે અરસામાં રાધનપુરવાળા મસાલીઆ ભોઈલાલ મોતીચંદને શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢવાની ભાવના થતાં તેમના તરફથી મહારાજશ્રીને તેમાં સામેલ થવા વિનંતી પત્ર આવતાં ત્યાંથી વિહાર કરી રાધનપુર ગયા અને સંઘના સાથે સિદ્ધાચળજીની યાત્રા કરી રાધનપુર આવ્યા અને ચોમાસા માટે ત્યાં સ્થિરતા કરી. આ ચોમાસામાં દરમ્યાન વ્યાખ્યાનમાં તીર્થ વિષેની હકીકત સમજાવવામાં આવતી કે તીર્થની યાત્રા કરવાથી આત્માને મહાન્ લાભ થાય છે

અને તેથી વાચિક તેવા પદને પામે છે. સત્પુરુષ પોતે જ તીર્થરૂપ છે.
એટલું જ નહીં પણ તેમના ચરણકમળના સ્પર્શથી પવિત્ર થયેલી તે
ભૂમિ અને તેની પ્રત્યેક રજ એ પણ તીર્થ રૂપ છે. એવા પવિત્ર
તીર્થની વિધિપૂર્વક સ્પર્શના, પૂજન ભક્તિ માન વિગેરેથી આપણામાં
તે સત્પુરુષના જેવા અસાધારણ સદ્ગુણો સંક્રાંત થાય છે. અને તેની
યથાવિધિ ઉપાસનાથી અનુક્રમે આપણે પણ તે સત્પુરુષ જેવા જ થઈ
શકીએ છીએ અનંત સદ્ગુણોથી સંપન્ન મહાત્માઓના રોમેરોમમાં
ઉચ્ચતા, પવિત્રતા, દિવ્યતા ભરી રહેલી છે તેમના પ્રત્યેક શ્વાસો-
શ્વાસમાં અને શરીરના સાડા ત્રણ ક્રોડ રોમમાંથી નીકળતા પરમાણુ-
ઓમાં અલૌકિક અસર કરનાર ઉચ્ચ શક્તિઓ રહેલી હોય છે. તેઓ
જ્યાં જ્યાં જાય છે ત્યાં શુભ વાતાવરણ જ સ્થપાય છે. તે
વાતાવરણમાં વસનારા ઉપર તેની ચમત્કારીક અસર થાય
છે. તીર્થમાં ભ્રમણ કરવાથી ભવ ભ્રમણથી મુક્ત બનાય
છે. તીર્થમાં ધ્યાનનો જાપ કરવાથી સ્થિર સંપત્તિવાન થવાય
છે. જીર્ણ થયેલા તીર્થનો ઉદ્ધાર કરવાથી શરીરમાં રહેલી
ઉપાધિનો નાશ થાય છે. માટે આવા કળીકાળમાં જીર્ણ તીર્થોનો
ઉદ્ધાર કરવો એ મનુષ્યમાત્રનું પહેલું કર્તવ્ય છે. વળી
તીર્થંકર દેવની પૂજા કરનાર પ્રાણી પોતે ભવાંતરમાં પૂજનિક થાય
છે એ રીતે સં. ૧૯૧૩ નું ચોમાસુ રાધનપુરમાં કર્યું

ચોમાસુ પૂર્ણ થવા બાદ માગસર વદી ૫ ના રોજ દીવાન
ધમચંદે શ્રી કેશરીયાજી તીર્થનો સંઘ કાઢ્યો. તેની સાથે મહારાજશ્રીએ
વિહાર કર્યો અને શ્રી કેશરીયાજીની યાત્રા કરી ચાર માસે ફરીને
રાધનપુર આવ્યા રાધનપુરના તમામ સંઘનો અતી આગ્રહ થવાથી
બીજુ ચોમાસુ પણ ત્યાં સ્થિરતા કરી અર્થાત્ સં. ૧૯૧૪નું ચોમાસુ
રાધનપુરમાં કર્યું

ચોમાસુ પૂર્ણ કર્યા [illegible] મસાલીયા ખોડીદાસ સૌભાગ્યચંદ
તરફથી ઉપધાનના ક્રિયા શરૂ કરવામાં આવી ક્રિયા પૂર્ણ થતા માળ

પ્રદેશમાં વિહાર કર્યો અને નાગ, મરાઠ, ગોરમ અને સાચોરની યાત્રા કરી રાજપુર ગયા ત્યાં શ્રી સંઘના આગ્રહથી અષાઢ મહોત્સવની સાથે [illegible] રચના કરવામાં આવી. મહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રી આબુજી તીર્થની યાત્રા કરવા ગયા. ત્યાં તીર્થના દર્શન કરી [illegible] તીર્થની યાત્રા કરી, અનેક ભવ્યજનોને ઉપદેશ દેતા સાદડી ગયા.

અમદાવાદ ડેળાના ઉપાશ્રયના આગેવાનો તરફથી ચોમાસા માટે વિનંતી થતા સં. ૧૯૬૫નું ચોમાસું ત્યાં કર્યું.

ચોમાસામાં [illegible] ઉપદેશથી વૈરાગ્ય પામીને [illegible] તથા [illegible] અનુક્રમે સં. ૧૯૬૬ ના [illegible] અને [illegible] દીક્ષા [illegible] અને તેમના અનુક્રમે મુક્તિવિજયજી તથા [illegible]વિજયજી નામ રાખ્યા. એ રીતે સં. ૧૯૬૬નું ચોમાસું અમદાવાદમાં કર્યું.

[illegible] થયા શ્રી [illegible] તીર્થની [illegible] પ્રતિ[illegible] આવી. [illegible] વિહાર કરી તારંગાજીની યાત્રા કરી [illegible] [illegible] આગેવાન [illegible] [illegible] [illegible] સારા પ્રમાણમાં [illegible] [illegible] કર્યું.

[illegible]

વિરમગામમાં ધર્મનો રાગ સારો હોવાથી પર્યુષણમાં સારી રીતે તપસ્યા અને મહોત્સવો થયા તથા વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં માણસો આવતા એ પ્રમાણે સંવત ૧૯૬૮નું ચોમાસું વીરમગામમાં કર્યું.

ચોમાસુ ઉતર્યા બાદ ઉપધાન પૂર્ણ કરાવી હરેક વતિને માળા પહેરાવી તથા મહા સુદ ૧૦ના રોજ મુનિશ્રી ચંદનવિજયજી તથા શ્રી માનવિજયજીને વડી દીક્ષા આપી રાધનપુર તરફ વિહાર કર્યો.

આ વિહારમાં પ્રાયે કરીને જ્ઞાનનો વિષય વધારે પ્રમાણમાં ચર્ચવામાં આવતો હતો. કારણ કે ગુજરાત જેવા ધર્મ પ્રેમી પ્રદેશમાં મુનિગણોને શાસ્ત્રનો અભ્યાસ કરવાને કોઇ પણ સ્થળ નહોતું, તેથી મુનિઓ જોઇએ તેવું શાસ્ત્ર જ્ઞાન મેળવી શકતા નહીં. તેથી મહારાજ શ્રી વ્યાખ્યાન દ્વારા જણાવતા કે—"જ્ઞાન વડે કરીને આ સંસારની મોહજાળ કેવી છે તેની ખબર પડે છે જ્ઞાન વડેજ તે મોહજાળથી મુક્ત થવાય છે જ્ઞાનવડે જ મનની મલિનતા દૂર થાય છે. અને આત્મીય ઉન્નતિના વધે છે માટે દ્રવ્ય અને ભાવથી સિદ્ધાંતનું આરાધન કરવુ અને કરાવવુ એ દરેક વીરપુત્રોને પરમ હિતકારી છે. તરતમાં દીક્ષા લીધેલા મુનીઓએ જો સિદ્ધાંતનો પુરો અભ્યાસ કર્યો હશે તોજ તે આ સંસાર સમુદ્રને પાર પામી શકશે અને ભવ્યજનોને પાર ઉતારશે વળી જ્ઞાનની નિર્મળતા કરવા માટે જિનાગમો લખાવી ભંડારમાં મૂકાવવા, તેમજ જીર્ણ થઇ ગયેલા સિદ્ધાંતને ફરી લખાવીને પૂજ્ય મુનિજનોને વહોરાવવા વિગેરે કાર્યોથી જેઓ જ્ઞાનની પૂજા કરે છે તે ભવ્યજનો સંસારના અજ્ઞાન જડતાનો નાશ કરે છે. એ જ્ઞાનની આરાધનાથી પ્રાણી, ચક્રવર્તી ઇંદ્ર અને યાવત્ તીર્થંકર પ્રભુની જેમ કેવળ જ્ઞાન પામી શાશ્વત સુખોને પ્રાપ્ત કરે છે શ્રુતજ્ઞાનથી પ્રાણી ભક્ષ્ય-અભક્ષ્ય તથા [illegible] અને પોતાનું હિતાહિત જાણી શકે છે. તેઓ તત્ત્વ [illegible] પામે છે અને વિરતીપણાથી સત્વર મોક્ષને પામે છે લૌકિક શાસ્ત્રમાં પણ કહેલ છે કે જ્ઞાન એ

પાપ રૂપ રોગના ઔષધ સમાન જે પુણ્યના કારણ રૂપ છે [illegible] યજ્ઞ રૂપ છે અને સર્વ અર્થને સાધનાર જે પ્રદિપ્ત થયેલ અગ્નિ જેમ ઈંધનને બાળી નાખે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ પ્રાણીઓના કર્મ ઈંધનને ભસ્મીભૂત કરી શકે છે [illegible] ન દેનાર પ્રાણી નરકના દુઃખો [illegible] ભરી સ્વર્ગીય સુખાને પ્રાપ્ત કરે છે [illegible] મનુષ્ય જન્મો [illegible] દ્રવ્યનો સદુપયોગ કરી આ [illegible] સાર્થક કરે [illegible] આંતરીક શુદ્ધ પ્રેરણાથી [illegible] પ્રયાસ [illegible] અને [illegible] ઉપર પ્રમાણના [illegible] ઉજમશી વીરચંદ તરફથી [illegible] લાગની રકમ આપવાનું જાહેર કરવામાં આવ્યું

અનુક્રમે વિહાર કરતા તેઓશ્રી [illegible] શુદ ૧ ના રોજ મુનીશ્રી ઉદયવિજયજીને વડી દીક્ષા આપી [illegible] પ્રસંગ ઉપર શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો [illegible] તેની સાથે શ્રી પાવાપુરીની રચના પણ કરવામાં આવી હતી [illegible] વિહાર કરી અમદાવાદ મુકામની પોળમાં [illegible] પન્યાસ પ્રતાપવિજયજી બીમારીના [illegible] રાગની આમ [illegible] પણ રોગની [illegible] પન્યાસજી [illegible] ધર્મ પામ્યા, તેથી શ્રી સંઘ તરફથી [illegible] રચના કરી અષ્ટાન્હીકા [illegible] [illegible] વિહાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ચોમાસું પૂર્ણ થયા બાદ શ્રી સંઘ સમક્ષ મુનિ શ્રી દાનવિજયજી મુનિ શ્રી દયાવિજયજી મુનિ શ્રી દુરંધરવિજયજી, મુનિશ્રી દેવવિજયજી તથા શ્રી ભક્તિવિજયજી દાદા પાંચને ગણીપદ માગશર સુદી ૧૩ ના દીવસે તથા પંન્યાસ પદવી માગશર સુદી ૧૫ ના રોજ આપવામાં આવી હતી. તે શુભ પ્રસંગ ઉપર શ્રી સંઘ તરફથી સમવસરણની રચના તથા અષ્ટોત્તરી સ્નાત્ર વિગેરેનો મહોત્સવ ધામધુમથી કરવામાં આવ્યો હતો. એ રીતે સં. ૧૯૬૯ નું ચોમાસું રાધનપુરમાં પૂર્ણ કર્યું

ચોમાસુ વ્યતીત થતાં ત્યાંથી વીહાર કરી વીરમગામ તરફ પધાર્યા અને ચોમાસાની સ્થિરતા વીરમગામમાં કરી. વ્યાખ્યાન દ્વારા ત્યાંની જૈન જનતાને મહારાજશ્રીએ જણાવ્યું કે "શ્રી સીદ્ધાચલજી તીર્થ ઉપર પાલીતાણા દરબારે વાર્ષીક રૂપીઆ પંદરહજાર લેવાનો ઠરાવ કર્યો છે આવડી મોટી રકમ દર વર્ષે યાત્રીકો પાસેથી પુરી થતી નથી. અને વર્ષો વર્ષે તેમાં ટોટો પડયે જાય છે. માટે ભારતના તમામ પુરોએ મળીને ફાળો કરી અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પર મોકલવો જોઇએ." આ ઉપદેશથી ત્યાંના શ્રી સંઘે ફાળો કર્યો તેમા દશ હજારની રકમ થઇ. એ રીતે સં. ૧૯૭૦ નું ચાતુર્માસ વીરમગામમા આનંદ પૂર્વક પસાર કર્યું.

ત્યાથી વિહાર કરી શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી મેવાડ પ્રદેશ તરફ વિહાર શરૂ કર્યો. જેજે સ્થળે ગયા ત્યાં ત્યાં શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ એ ત્રણ તત્વો વિષે દેશના દેવામાં આવતી હતી. વ્યાખ્યાન શ્રવણ કરવા સંખ્યા બંધ જૈન તેમજ જૈનેતર પ્રજા આવતી. દેવગુરૂ ધર્મનું શુદ્ધ અને સાચુ સ્વરૂપ મહારાજશ્રીના મુખેથી સાંભળી ઘણા સ્થાનક વાસીઓ મૂર્તિ પૂજક બનતા હતા. મેવાડના ઘણા ભાગોમા વિહાર કર્યો પછી આગળ વિહારની ભાવના હતી પરંતુ દૈવ ઇચ્છા તેમ નહીં હોવાથી તબીયત નરમ રહેવા લાગી એટલે પાછા વિહાર કરી અમદાવાદ આવ્યા. ચોમાસા દરમ્યાન

તબીયત નરમ રહી. એ રીતે સં. ૧૯૭૧ નું ચોમાસું અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે પૂર્ણ કર્યું.

ચોમાસું પૂર્ણ થયા બાદ આરોગ્ય પ્રાપ્તી થવાથી વિહાર કરી પાટણ ફોફલીયા વાડાના મોતીલાલભાઇ પોપટલાલ તથા ભાઈ છોટાલાલની વિનતી આવતાં વિહાર કરી પાટણ ગયા અને ત્યાંથી નીકળના શ્રી કેસરીયાજીના સંઘમાં સામેલ થયા અનુક્રમે કેસરીયાજીની યાત્રા કરી સઘની સાથે વિહાર કરી પુનઃ પાટણ આવ્યા અને પાટણમાં કનાશાના પાડામાં ચોમાસાની સ્થિરતા કરી. ચોમાસામાં કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચદ્રાચાર્ય ગ્રંથાવલિ બહાર પાડવાની શરૂઆત કરવામા આવી. એ રીને સં. ૧૯૭૨ નુ ચોમાસું પાટણમાં પૂર્ણ કર્યું.

ચોમાસું પૂર્ણ થયાં બાદ પાટણથી વિહાર કરી ચાણસ્મા ગયા. ચોમામાની સ્થિરતા કરવા શ્રી મંઘ તરફથી વિનંતી થતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો. કેમકે કોઈ કારભારી દેરાસરજીના તથા પાંજરાપોળના હિમાબમા ચોખવટ થતી નહોતી અને ચોખવટની ખાસ જરૂર હતી તેથી વ્યાખ્યાન દ્વારા શ્રી સંઘને મહારાજશ્રીએ ઉપદેશ આપ્યો કે—

"મહાનુભાવો ! કઈ ક્ષણે કાળ મનુષ્યને ઝડપી લેશે તેની લેશ પણ આપણને ખબર નથી. જેમ જેમ સમય વ્યતીત થતો જાય છે તેમ તેમ જીંદગીનું પ્રમાણ ઘટતું જાય છે. માટે જે સુકૃત સ્વહસ્તે થયું તેજ સ્વાત્માને પરમ ઉપયોગી છે ધર્માદા ખાતાઓની ચોખવટ કરી અરસ પરસ લેણ દેણ સાફ કરવી એ તમારી ફરજ છે. માટે સંસારીક કાર્યોને થોડો વખત અળગા કરીને પણ આ કાર્ય પહેલું તો કરવું યોગ્ય છે ' મહારાજશ્રીના ઉપદેશથી ધર્માદા ખાતાઓને સાફ કરવા તથા શ્રાવકોને નહાવા માટે હોજ ખોદતાં જમીનમાંથી શીતળ નાથ પ્રભુની પ્રતિમા નીકળતી તેની યોગ્ય વ્યવસ્થા કરવા શ્રી શીતળ નાથજી જૈન મંડળની સ્થાપના કરવામા આવી તે મંડળે ઉપરોક્ત બન્ને કામો પોતાને હસ્તક કર્યાં અને ખાતાવાર હીસાબ ભરાવ

તપારી ચોપડા વૈગ્યુસર કરાવી આપ્યા. અને શીતળનાથ પ્રભુની પ્રતિમાને પોગ્ય સ્થળે ઉત્સાહ અને ધામધુમ પૂર્વક પધરાવી આ પ્રતિમા અતિ પ્રાચીન અને ચમત્કારી હોવાથી ઘણે સ્થાનેથી હજારો લોકો દર્શનાર્થે આવતા. એ રીતે સં ૧૯૭૨ નું ચાતુર્માસ ચાણસ્મા કર્યું.

ચોમાસું પૂર્ણ થયા બાદ ચાણસ્માથી વિહાર કરી રસ્તામાં આવતા ગામોના જિન ચૈત્યોને જુહારતા ઉંઝા ગયા અને અષાડ સુદી ૧૦ ના રોજ મુનિશ્રી સંપતવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી તથ દેવગુરૂ અને ધર્મની સેવા કરવા અર્થે સેવા સમાજની સ્થાપના કરવામા આવી ચોમાસામાં વ્યાખ્યાન શ્રવણ અર્થે હજારો સ્ત્રી પુરૂષો આવતા અને સેવા સમાજની સુવ્યવસ્થાથી સહુ શાંતિ પૂર્વક સામગ્રી કરતા હતા એ રીતે સં ૧૯૭૪ નું ચોમાસુ ઉંઝામાં કર્યું.

ઉંઝાનુ ચોમાસુ પૂર્ણ થતા અમદાવાદ રાયપુર કામેશ્વરની પોળવાળા શાહ, લુલ્લીચંદ ચકુભાઈ તરફથી વિનંતી આવી કે-અહીં અઠ્ઠાઇ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર છે, તે ઉપર આપ પધારો તેથી વિહાર કરી અમદાવાદ ગયા અને તે શુભ કાર્ય કર્યું ત્યાંથી વિહાર કરવાના હતા પરંતુ ત્યાના લુહારની પોળના આગેવાનોની વિનંતીથી ચોમાસાની સ્થિરતા કરી ચોમાસામા તપસ્યા, મહોત્સવ, સામીવચ્છલ વિગેરે સારા પ્રમાણમા થયા આસો માસમાં પાડાપોળવાળા શાહ કાલીદાસ મલુકચંદ તરફથી ઉપધાન વાળાની ક્રિયા શરૂ કરાવવામાં આવી એ પ્રમાણ સં ૧૯૭૫ નું ચોમાસું મહારાજશ્રીએ અમદાવાદ પૂર્ણ કર્યું

પવિત્ર નૈસુગિ કરણી કરનાર ગત પુરૂષને આચાર્ય પદવી અર્પણ કરવાની પદ્ધતિ અનાદિકાળથી ચાલી આવી છે આજ ભારત વર્ષમાં પૂર્વે દિગંબર જૈનધર્મના પ્રભાવક પુરૂષો હતા મહાન્ આચાર્યો અને મોટા શ્રાવકો જૈનધર્મનું રક્ષણ કરવામા તત્પર રહેતા તેઓએ રાજસત્તા પાસે પોતાના ઉચ્ચ ચારિત્રની એવી સુંદર છાપ પાડી

હતી કે જેથી કોમ, ધર્મ અને તીર્થના રક્ષણના પ્રસંગે રાજસત્તા દરેક વખતે ઉપયોગી થઇ પડતી હતી. એ જમાનામાં જૈનોની કરોડોની સંખ્યા હતી. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય તથા શ્રીમાન્ હીરવિજયજી સમાન આચાર્ય મહારાજાઓએ ગુજરાતના રાજા કુમારપાળ અને દીલ્હીના સમ્રાટ અકબરશાહને પ્રતિબોધી જૈનધર્મના તત્વો સમજાવી જૈનધર્મની શ્રેષ્ઠતા પ્રગટાવી હિંસારૂપી દૈત્યને દેશવટો અપાવ્યો હતો અનાદિકાળથી કબજા ભોગવટાવાળા તીર્થોના લેખ પરવાના મેળવ્યા હતા એ પણ એક સમય હતો. આ જમાનામાં જૈનકોમમાં મહાન્ ચારિત્ર સંપન્ન અને નિખાલસ ધર્મગુરૂઓ, આત્મભોગવાળા શ્રીમંતો અને શાસ્ત્ર જ્ઞાનવાળા વિદ્વાનોના અભાવે ઠેકાણે ઠેકાણે કલેશ અને કુસંપરૂપી દૈત્યવાસ કરી રહ્યો છે. તેના પરિણામથી ધર્મ ઉપર અંધકારના વાદળા છવાયા છે. આવા બારીક વખતમાં ધર્મ અને તીર્થની તનમનથી બાળ બ્રહ્મચારી શ્રીમદ્ વિજયનિતીસૂરિજી મહારાજ જે સેવા બજાવી રહ્યા છે તે સ્તુતિપાત્ર છે. કારણકે જે સ્થળે તેઓ ગયા છે ત્યાં સચોટ ઉપદેશથી કલેશ કુસંપને દૂર કરાવી સંપનું સ્થાપન કરેલ છે. આ ઉપરથી ગુજરાતના મોટા શહેરોના ગૃહસ્થોની એવી ઇચ્છા થઇ કે મહારાજશ્રીને આચાર્ય પદવી આપવા માટે તેમના ગુરૂ મહારાજ શ્રીભાવવિજયજી સમક્ષ વિનંતી કરવી એ આપણી ફરજ છે કારણ કે જે શ્રાવકો પોતાની સંપત્તિથી સમયાનુસારે પંચ મહાવ્રતધારક, છત્રીસગુણયુક્ત તથા કાલિક ઉત્કાલિકસૂત્રના યોગોદ્વહનપૂર્વક સૂત્રાર્થરૂપ ઉભય પ્રકારે શ્રીજિનાગમને જાણનારા એવા મુનિવરોનો આચાર્યાદિ પદારોપણનો મહોત્સવ કરે છે તે ભાગ્યવંતો આચાર્યાદિથી કરાતા અનેક પુણ્યકાર્યના અનુમોદનથી સુકૃત સમૂહ વધ્યા કરે છે આ પ્રમાણે વિચાર કરીને સુજ્ઞ શ્રાવકોમાં અગ્રેસર શ્રાવકો એ આચાર્ય શ્રી ભાવવિજયજી મહારાજને ઉપરની હકીકત વિનતિરૂપે જાહેર કરી શ્રાવકોની વિનતી માન્ય રાખી. અનુયોગાચાર્ય આચાર્ય મહારાજ બહુ ખુશી થયા અને કહ્યું કે બાબો અમને

સાથે સેવાનો તમે જે સંકલ્પ કર્યો છે, તેથી જૈનશાસનની શોભામાં અવશ્ય વધારો થશે. માટે તમારા મનની ઇચ્છા પૂર્ણ કરવા હું તમને અંતઃકરણથી આદેશ આપુ છુ. આથી ગુજરાતના મોટા મોટા શહેરોમા આ શુભ પ્રસંગે હાજરી આપવા માટે કુમકુમ પત્રિકા લખવામાં આવી. તથા કાર્યને લગતી તમામ સામગ્રી તૈયાર કરવામાં આવી. શેઠ મગનલાલ કંકુચંદ, શેઠ વાડીલાલ છગનલાલ, શેઠ પ્રેમચંદ સાંકળચંદ ઝુનરીવાળા ભગુભાઈ ચુનીલાલ, શેઠ મણીલાલ સાંકળચંદ, શેઠ શાંતિકુમાર, શેઠ જગાભાઈ ઉમાભાઇ, શેઠ સાંકળચંદ મોહનલાલ, ઝવેરી ડાહ્યાભાઇ સરચંદ, શેઠ મણીલાલ મોતીલાલ તથા બીજા પણ અનેક અમદાવાદ તેમજ બહારથી હાજર થયેલા શ્રાવકો સમક્ષ સંવત્ ૧૯૭૬ ના માગસર સુદી ૧૧ ના શુભ દિવસે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં શ્રીમાન્ ભાવવિજયજી મહારાજ પાસે પ્રાણીઓના મનોરથને પૂરનાર એવા આચાર્ય પદારોપણની પ્રતિષ્ઠા ક્રિયા કરાવી મહોત્સવો કરાવવામા આવ્યા. તેમજ મેળાવડામાં પધારેલ મુનિરાજો તથા શ્રાવકોનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો.

ઉપરોક્ત ક્રિયાની સમાપ્તિ બાદ મહારાજશ્રી નીતિવિજયજી (શ્રી વિજયનીતિસૂરિજી)મહારાજે ચતુર્વિધ સંઘ સમક્ષ નમ્રતાપૂર્વક જણાવ્યું કે– "આપ સર્વેએ મને આચાર્ય પદ આપ્યું તે માટે હું આપનો તથા શાસનનો ઋણી છુ અને તે ઋણ અદા કરવાની શક્તિ પરમાત્મા મને આપે એમ ઇચ્છુ છુ જો કે હું આચાર્યપદને લાયક નથી, તોપણ મળેલ પદની સાર્થકતા હું ત્યારેજ માનીશ કે જ્યારે શાસનમા પેઠેલ કલેશાદિક અનિષ્ટ તત્વો દૂર થાય, ઐક્યતા થાય અને ધર્મ તથા તીર્થનુ હિત અને રક્ષણ થાય જ્યા સુધી ઐક્યતા નથી ત્યા સુધી કોઇપણ કાર્યને સાંગોપાંગ પાર ઉતારવુ મુશ્કેલ છે એક સમયે આજ ભારત વર્ષમા કરોડોની સખ્યામા જૈનો હવાની ભાળ મળતા હતા દિન પ્રતિદિન તે સંખ્યામાં ઘટાડોજ થતા ગયો. અને પરિણામે વર્તમાનમા બાર

લાખની સંખ્યા જૈનોની રહી છે. એ સંખ્યામાંથી પણ ઉપદેશ અને સાધુવિહારના અભાવે હજારો જૈનો જૈનેતર બને છે. એ હકીકત સાધુ સંસ્થાને માટે અતિશરમજનક છે. જો જૈનોની સંખ્યા સારા પ્રમાણમાં હશે તોજ સાધુઓનો યોગ્ય આદર થશે. માટે સાધુઓએ સર્વત્ર વિહાર કરી ઉપદેશ દ્વારા જૈનોને જાગૃત કરવાની જરૂર છે. અરસપરસ પ્રેમભાવ પ્રગટ થશે તોજ ઉપરનું કાર્ય પાર પડશે માટે પ્રથમ અંતઃકરણમા નિખાલસ શુદ્ધ પ્રેમને સ્થાન આપવું જોઇએ."

ઉપરના શુભ પ્રસંગે લુહારની પોળવાળા આગેવાન ગૃહસ્થો તથા શાહ કાલીદાસ મલીચંદ તરફથી અઠ્ઠાઇ મહોત્સવની સાથે સમવસરણની રચના તથા શાન્તિસ્નાત્ર થયા હતાં. બહારગામથી આવેલની સંખ્યા લગભગ સાત હજારની હતી.

પૂજ્ય અનુયોગ આચાર્ય મહારાજશ્રી **ભાવવિજયજીની** તબીયત લાંબા વખતથી નરમ રહેવાના કારણે અમદાવાદના શ્રીસંઘની આગ્રહભરી વીનંતીથી તે ચોમાસું લુહારની પોળના ઉપાશ્રયે રહેવાનું થયેલ. ચોમાસામાં પૂજા, પ્રભાવના, તપશ્ચર્યા, સ્વામી વાત્સલ્ય વિગેરે સારી રીતે થયેલ. શ્રાવકોએ દ્રવ્યનો વ્યય સારો કરેલ. એ રીતે સં. ૧૯૭૬ નું ચોમાસું અમદાવાદમાં કર્યું. તે અરસામા શેઠ છગનલાલ ઈચ્છાચંદ તરફથી ઉપધાનની ક્રિયા શરૂ કરવામાં આવેલ. ઉપધાન પૂર્ણ કર્યા બાદ માળ પહેરાવી મહારાજશ્રીએ વિહાર કર્યો. અનુક્રમે મોટા મોટા શહેરોમા જૈન ચૈત્યોને વાંદતા શ્રી સિદ્ધક્ષેત્રમાં પહોંચ્યા અને ચોમાસા માટે ત્યા સ્થિરતા કરી ચોમાસામા દરરોજ તીર્થયાત્રા સબંધી વ્યાખ્યાન આપવામા આવતું શ્રોતાજનો સારા પ્રમાણમા હાજરી આપતા સમવસરણની રચના તથા શાન્તિ સ્નાત્ર, ઉપધાન થયા હતા એ રીતે સં ૧૯૭૭નું ચોમાસું પાલીતાણામા કર્યું

ઉપધાન પૂર્ણ થયા બાદ તેઓને માળ પહેરાવી તથા શ્રી પાલીતાણા જૈન સેવા સમાજની સ્થાપના કરી ગિરનારજી તરફ

વિહાર કરી કરી કચ્છમાં આવતાં જૈન મંદિરોમાં મોટા સુધારા કરાવી અને દિગ્વિજયી વિચરતા કરતાં જુનાગઢમાં આવી પધાર્યા અને કેટલા દિવસ રોકાઈને શ્રી નેમનાથ પ્રભુના દર્શન માટે ઉપર ચડતા વાટ દરમ્યાન તમામ જૈન મંદિરનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું અને તેને પરિણામે જણાયું કે પ્રાચીનકાળમાં બંધાયેલા આ મામલો આ મંદિરોને જુનાથી મહાન લાભ થઈ ગયા છે, તે બરાબર આથી કરાવવા એ દરેક જૈનની ખાસ ફરજ છે. આ તીર્થની મરામત કરાવવાની ખાસ અગત્ય છે. જો તે કાર્યમાં કાળક્ષેપ થશે તો પ્રાચીનકાળના અવશેષો નષ્ટ થવાનો ભય છે માટે તાત્કાલિક જ તેના જીર્ણોદ્ધારની જરૂર છે. આવી શુભ ભાવના મહારાજશ્રીના અંતઃકરણમાં થઈ ઉપરની બીના લક્ષમાં રાખી જુનાગઢથી વિહાર કરી તેઓ વેરાવળ ગયા અને ચોમાસાની સ્થિરતા ત્યાં કરી તેમજ ગિરનાર જીર્ણોદ્ધારની હકીકત વેરાવળના સંઘને જણાવી મહાપુરુષો જે કાર્યને ચિંતવે છે તેને તેઓ પ્રાપ્તિ પણ ઉંડતા નથી દરમ્યાનમાં જુનાગઢ સ્ટેટના દીવાન શ્રી ત્રીભોવનદાસ દુર્લભજીનું વેરાવળમાં આવવું થયું તેમજ તેજ અરસામાં શેઠ દેવકરણ ખુશાલચંદને ત્યાં ઉજમણો મહોત્સવ હતો તેથી રેવાસટ્ટમાં તેમનું ઉત્સવ ઘર કરેલ, આ શુભ પ્રસંગે આવવા માટે સંઘ તરફથી દીવાનજીને આમંત્રણ કર્યું અને પૂજામાં તેઓ આવ્યા ત્યારે પૂજ્ય આચાર્ય મહારાજ પણ ત્યાં હાજર હતા ત્યારબાદ મહારાજશ્રીની પ્રેરણાથી વેરાવળના આગેવાન જૈન ગૃહસ્થો દીવાનજીની પાસે ગયા અને ગિરનારજી પર જીર્ણોદ્ધાર કરવા માટે રજા દેવા વિનંતી કરી. પ્રત્યુત્તરમાં દીવાનશ્રીએ જણાવ્યું કે જુનાગઢ આવજો, નવાબ સાહેબને આ બાબતમાં વાકેફ કરી જવાબ આપીશ એ પ્રમાણે સં. ૧૯૭૮નું ચોમાસું વેરાવળમાં પૂર્ણ કર્યું.

ત્યાંથી પ્રભાસપાટણ ગયા અને ત્યાંના મંદિરના જીર્ણોદ્ધારની જરૂર જણાતાં ત્યાં વ્યાખ્યાન દ્વારા ઉપદેશ દઈ ફંડ એકઠું કરાવ્યું.

જેમાં ત્રણ ગૃહસ્થો તરફથી રૂા. ૫૧૦૦૦) તથા સંઘ તરફથી રૂ[illegible] ૨૪૦૦૦) ભેગા થયા. તે રકમનાં વ્યાજમાંથી દરવર્ષે [illegible] થાય તેવો પ્રબન્ધ થયો.

ત્યાંથી વિહાર કરી ચૈત્ર સુદ ૧૦ મે જુનાગઢ આવ્યા ને ત્યાં વેરાવળના આગેવાન ગૃહસ્થો દીવાન શ્રીની મુલાકાતે ગયા કે જીર્ણોદ્ધારનો હુકમ આપવા માટે વીનંતી કરી. અને દીવાનશ્રી [illegible] જીર્ણોદ્ધારની રજા મળી. આ સમાચારથી મહારાજશ્રીને પણ [illegible] થયો. મહારાજશ્રીએ જુનાગઢમાં તથા વેરાવળમાં સેવામંડળ સ્થાપના કરી પોરબંદર તરફ વિહાર કર્યો. પોરબંદરના શ્રાવકે ગિરનારજી જીર્ણોદ્ધારની હકીકતથી વાકેફ કરી તેમાં યોગ્ય [illegible] આપવા જણાવી થોડા દિવસ સ્થિરતા કરી જામનગર ગયા. ત્યાં [illegible] વ્યાખ્યાન દ્વારા અગાધ જ્ઞાનનો નિચોડ [illegible] કારણકે આસપાસના ગામડાઓમાં જૈનોની વસ્તી [illegible] પ્રમાણમાં હતી પરંતુ જૈન બાળકોને ધાર્મિક તથા વ્યવહારીક [illegible] જ્ઞાન નહિ મળવાથી તેઓ અન્ય ધર્મી જેવા બની જતા હતા, તેથી [illegible] પાઠશાળાઓ ખોલાવવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો. [illegible] તેના ખર્ચ માટે મોટી રકમની જરૂર જણાતી [illegible] તેઓએ પાઠશાળા માટે [illegible] કર્યું [illegible] ધાર્મિક શિક્ષણ મળતાં [illegible] [illegible]

ઉકમીચંદે તન મનથી તીર્થની સેવા બજાવી તમામ રી
સરગના કરી આપી કમીટી તરફથી પેપરોદ્વારા આખા ભારતવર્ષમ
ગેરનારજી જીર્ણોદ્ધારની ખબર દેવામાં આવી. જેથી ક્રમેક્રમે ફંડમાં
નાણા એકઠાં થવા માંડયા ચોમાસું પૂર્ણ થવા બાદ કમીટી તરફથી
કામકાજ શરૂ કરવામા આવ્યુ અત્યાર સુધીમાં લગભગ પાચેક લાખ
રૂપીઆ ખર્ચાઈ ચુકયા છે અને હવે એકાદ લાખ રૂપીઆની જરૂર
છે. તીર્થ પ્રેમી જૈનો તરફથી મળી જશે એ નિ:સંશય બીના છે.
વખતે જીર્ણોદ્ધારના કાર્યના અંગે ગુરૂશ્રીની આજ્ઞાથી તે ચોમાસુ
હારાજશ્રીએ જુનાગઢમા કર્યુ ચોમાસા દરમ્યાનમાં આચાર્ય દેવશ્રી
ભાવવિજયજી મહારાજની બીમારીના સમાચાર મળ્યા પણ ચોમા-
સામા શુ બની શકે ? અંત:કરણમાં પસ્તાવો થવા લાગ્યો કે ખરે
વખતે હું ગુરૂ દેવથી દુર રહ્યો. પરંતુ ભાવિ પ્રબળ હોય સં. ૧૯૭૯
ના શ્રાવણ સુ ૩ ના રોજ આચાર્ય મહારાજશ્રી ભાવવિજયજી
પાટણમા કાળધર્મ પામ્યા. તે સમાચાર જુનાગઢ આવતાં શ્રી સંઘ
તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શેઠ આણંદજી મોતીચંદ તરફથી શાન્તિ
સ્નાત્ર થયા હતા. એ રીતે સં. ૧૯૭૯ નું ચોમાસું જુનાગઢમાં
પૂર્ણ થયુ

ચોમાસા બાદ વિહાર કરી અમદાવાદ ગયા રસ્તામાં આવતાં
મોટા શહેરમા ગીરનારજી તીર્થના જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપવામાં
આવ્યો અમદાવાદમા ડહેલાના ઉપાશ્રયે ચોમાસાની સ્થિરતા કરી
અને ઉપદેશથી અમદાવાદના સંઘે જીર્ણોદ્ધાર માટે આઠ હજાર રૂપીઆ
એકઠા કરી મોકલ્યા શ્રી કમલવિજયજીને વડી દીક્ષા ત્યા આપી.
એ પ્રમાણે સં ૧૯૮૦ નુ ચોમાસુ અમદાવાદમા પૂર્ણ કર્યુ

ચોમાસું પૂર્ણ થયા બાદ રાધનપુરવાળા મસાલીઆ બાબુલાલ
મનાદાસની વિનંતીથી વિહાર કરી રાધનપુર ગયા માગસર માસમાં

મસાલીના બાબુલાલ તરફથી ઉજમણું કરવામાં આવ્યું. ત્યાંથી પૂજ્ય કમળવિજયજી દાદાની તીનતીથી પાટણ ગયા. મેનાના જીર્ણોદ્ધાર મહોત્સવ કરવામાં આવ્યો. ત્યાંથી શેત્રુંજીના પાલીતાણાના આગ્રહે ત્યાં ગયા. ત્યાં મુનિશ્રી શાંતિવિજયજીને પન્યાસ પદવી આપી. અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર થયા. તે વખતે શ્રી ગિરનાર ઉપર થયેલ જીર્ણોદ્ધારવાળા દેરાસર ઉપર ધ્વજદંડ ચડાવવાના કાર્યનો લાભ લેવા માટે તાર આવતા જુનાગઢ ગયા ત્યાં જઈ તે કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરાવ્યુ. આ શુભ પ્રસંગ ઉપર દેશ પરદેશથી મોટી સંખ્યામાં જૈનો આવ્યા હતા. તેથી તે મહોત્સવ પ્રસંગે જીર્ણોદ્ધાર ફંડમાં સારી રકમ થઈ. ત્યાંથી વિહાર કરી જેતપુર, ગોંડળ, સરધાર રાજકોટ થઈ વાંકાનેર ગયા. વાંકાનેરમાં જૈનોમાં વરસી તપ ચાલતો હતો તે તપના પારણાના શુભ પ્રસંગ ઉપર વાંકાનેરના નહાલચંદ દીપચંદ કડવાવાળા તરફથી મહોત્સવ કરવામાં આવ્યો હતો અને તેમાં યથાશક્તિ દ્રવ્ય વ્યય કરી સંપત્તિનો લાભ લીધો હતો. દેરાસરમાં પણ ઠીક ઉપજ થઈ હતી. મહોત્સવ પૂર્ણ થયા બાદ વિહાર કરી મોરબી ગયા. ત્યાં ચોમાસું રહેવા માટે શ્રી સંઘનો આગ્રહ હતો પરંતુ શ્રી વાંકાનેરના સંઘે નક્કી કરેલ હોવાથી વાંકાનેર તરફ ચોમાસા માટે વિહાર કર્યો. વાંકાનેરમાં ઉપાશ્રય હતો, પણ તે જુના વખતનો અને સગવડ વિનાનો હોવાથી તેને નવેસરથી કરાવવાની ખાસ અગત્ય હતી. દરમ્યાન માંડવી બંદરવાળા શેઠ દેવરાજ વનજી મહારાજશ્રીના દર્શનાર્થે વાંકાનેર આવતા તેમને આ હકીકત જણાવતા તેમણે મોટી રકમ આપવા કબુલ કર્યું. ઉપાશ્રયનું કામ પૂર્ણ કરાવ્યુ (ખર્ચ કુલ ૧૧૦૦૦) થયા. તેમાં રૂ ૬૦૦૦) શેઠ દેવરાજ વનજી તરફથી મળેલ. ઉપાશ્રયનું કાર્ય પૂર્ણ થયા બાદ વાંકાનેરના શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર થયા હતા. એ પ્રમાણે સં. ૧૯..૧ ચોમાસુ વાંકાનેરમાં થયુ.

ચોમાસા બાદ મોરબીમાં થયેલા ઉપધાનમાળારોપણ પ્રસંગ પર કચ્છ તરફ વિહાર શરૂ કર્યો અને માળીઆ (મીંયાણા) ગયા

ચોમાસા બાદ વિહાર કરી ગિરનારજી ગયા અને ત્યાં યાત્રા કરી. રાધનપુરના શેઠ વાડીલાલ પુનમચંદને ત્યાં ઉજમણાના મહોત્સવ ઉપર પધારવા વીનંતી થતા રાધનપુર ગયા. રાધનપુરમાં ઉજમણાનો મહોત્સવ થતાં ધર્મક્ષેત્રમાં સારી રકમની ઉપજ થઇ. બાદ શ્રી સંઘ તરફથી વિનતિ થતા ત્યાં ચોમાસું રહેવાનું નક્કી થયેલ. ચોમાસા દરમ્યાન વ્યાખ્યાનમા જૈન બાળકોને ધાર્મીક જ્ઞાન મેળવવા માટે પાઠશાળા ખોલવા ઉપદેશ કરવામાં આવેલ જેને પરીણામે પાઠશાળાના કાયમ નિભાવ માટે શેઠ બાબુલાલ જમનાદાસે રૂપિયા ૧૫૦૦૦) આપવાની ઉદારતા બતાવી એટલે રાધનપુર તથા આજુબાજુના જૈન બાળકોને શાસ્ત્રીય જ્ઞાન મળે તે માટે પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. શ્રીરત્નવિજયજી જૈન પાઠશાળા એવુ નામ રાખ્યું એ રીતે સ. ૧૯૮૪ નુ ચોમાસુ રાધનપુરમાં કર્યું.

ચોમાસા બાદ વિહાર કરી ભાભર ગયા, ત્યાં ઉપધાનવાળાઓને માળ પહેરાવી શ્રી ગિરનારજી ઉપર જીર્ણોદ્ધાર થયેલ દેરીઓની પ્રતિષ્ઠા મહોત્સવ કરાવવા વિહાર કરી જુનાગઢ ગયા. માગસર વદી ... ના રોજ પ્રતીષ્ઠા કરાવી મહોત્સવ કરવામા આવ્યો, તથા અમદાવાદથી આવેલ સઘના સઘવી.

... ને તીર્થમાળ પહેરાવી. સઘવી તરફથી અમદાવાદમાં ચાતુર્માસ માટે વિનંતી થતા તે સ્વીકારી વિહાર કરી અમદાવાદ ગયા ... લુહારની પોળના ઉપાશ્રયે સ્થિરતા કરી. ચોમાસામાં મુનિશ્રી ... વિજયજીને તથા મુનિ ઉદયવિજયજીને ડહેલાના ઉપાશ્રયે ... આપવામા આવ્યુ તે પ્રસગે મહોત્સવ કરવામાં આવ્યો. એ પ્ર... સ. ૧૯૮૫ નુ ચોમાસુ અમદાવાદમા પૂર્ણ થયુ.

ત્યાંથી વિહાર કરી શ્રી કેશરીયાનાથજીની યાત્રાએ ગયા ... પવિત્ર ધામમા ભાવનગરવાળા શ્રી ધરમસીભાઇ તથા તેમના ધર્મપત્ની ... સજોડે દિક્ષા લેવાની અભિલાષા વ્યક્ત કરતા તેમના ચારિત્રના ... ભાવ જોઈ તીર્થમા હાજર રહેલ સંઘ સમક્ષ તેઓને ભાગ... દિક્ષા આપવામા આવી અનુક્રમે નામ મુનિ ભક્તિવિજયજી ...

ાખરી શ્રી સંઘજીથી રાખવામાં આવ્યા. અમદાવાદ શુહારની પોળવાળા-
માને ઉજમણાનો મહોત્સવ કરવાનો હતો તેથી તથા શ્રીવિરવિજયજીના
પાધરવાળાઓને પન્યાસ શ્રી ગુલાબવિજયજીના કાળધર્મ પામ્યા
નેમિત્તે મહોત્સવ કરવાનો હતો તે બન્ને તરફથી અગ્રેસરોની વીનંતી
ા અમદાવાદ પધારી બન્ને સ્થાને મહોત્સવો કરાવ્યા.ત્યાંથી વિહાર કરી
પડવજ ગયા. અને ચોમાસાની સ્થિરતા ત્યાં કરી. ચોમાસા દરમ્યાનમાં
રોજ નિયમિત વ્યાખ્યાન વંચાતું હતું. તેમાં જૈન તથા જૈનેતરો
ારી સંખ્યામાં આવતા હતાં. પર્યુષણ પર્વમાં તપશ્ચર્યા તથા મહોત્સવો
ા હતા કારતક વદી ૫ ના રોજ મુનિ મોતીવિજયજીને તથા
ાનિ મુક્તિવિજયજી તથા મુનિ હીરોકવિજયજીને ભગવતી સૂત્રના
ોગમાં પેસાર્યા હતા કારતક વદ ૮ ના શુભ રોજે મુનિ મોતી-
વેજયજીને તથા મુનિ મુક્તિવિજયજી તથા મુનિ કલ્યાણવિજયજીને
ાણીપદ આપવામાં આવ્યું. તથા મુનિ મુક્તિવિજયજી મુનિ મોતી-
વેજયજી મુનિ ઉદયવિજયજી મુનિ હીરોકવિજયજી તથા મુનિ
કલ્યાણવિજયજીને પન્યાસ પદવી આપવામાં આવી. આ શુભ પ્રસંગ
ઉપર શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર તથા નવકારશી
વિગેરે થયેલ. બહાર ગામથી દર્શનાર્થે લગભગ દોઢ હજાર શ્રાવક
શ્રાવિકાઓ આવેલ તે સર્વેનું શ્રી સંઘ તરફથી સ્વાગત થયેલ. આ
શુભ પ્રસંગના દિવસે મુનિ સુંદરવિજયજીને વડી દીક્ષા દેવામાં આવી
હતી એ પ્રમાણે સં ૧૯૮૬ નું ચોમાસું કપડવંજમાં પૂર્ણ કર્યું

ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી અમદાવાદ ગયા અને
ત્યાંથી મારવાડમાં જવા માટે વિહાર કર્યો ત્યાંથી શીરોહી ગયા ત્યાં
મુનિ રાસુવિજયજી મુનિ દેવેંદ્રવિજયજી તથા મુનિજીવવિજયજીને
દીક્ષા આપી ત્યાંથી વિહાર કરી જાવાલ ગયા અને ચોમાસાની
સ્થિરતા ત્યાં કરી ચોમાસામાં મુનિ અરવિંદવિજયજી મુનિ મંગલ-
વિજયજી મુનિ મનોહરવિજયજી તથા મુનિ નંદનવિજયજીને ભગ
વતી સૂત્રના યોગમાં પેસાર્યા ચોમાસામાં વ્યાખ્યાન દ્વારા જીર્ણોદ્ધાર

તથા જ્ઞાનના ફેલાવા માટે ખાસ ઉપદેશ દેવામાં આવતો. આની સંઘ ઉપર ઘણી જ સુંદર અસર થઇ. જેના પરિણામે રૂા. ૧૦૪૦૦) શ્રી ગિરનાર જીર્ણોદ્ધારમાં સંઘ તરફથી અપાયા અને એજ મુજબ તરફથી રૂા. ૪૦૦૦) શ્રી કુંભારીયાજીના જીર્ણોદ્ધારમાં અપાયા કારતક વદ ૫ ના શુભ દિવસે મુનિ મહેન્દ્રવિમલજીને પન્યાસ પદવી આપી તથા મુનિ મંગળવિજયજી, મુનિ મનોહર વિજયજી તથા મુનિ સંપતવિજયજીને ગણી પદવી આપવામાં આવી હતી. આ શુભ પ્રસંગ નિમિત્તે શ્રી સંઘે મહોત્સવ તથા નવકારશી વિગેરે કર્યા. એ રીતે સં. ૧૯૮૭ નું ચોમાસું જાવાલમાં પુર્ણ કર્યું

हे 'आयदेव ! ' आयशब्दो मूलपर्यायः देवशब्दो राजपर्याय श्चेति मूलराज !। 'अजय! ' न जीयते इत्यजयः। यदि वा 'अजयाय।' 'अजय'–अजयदेवः आयः पितृत्वेन प्रथमो यस्य। 'देव! ' राजन्, 'अव' रक्ष । कान् ? 'समान्' अविषमान् साधून् इत्यर्थः । 'कल्याणसार ! ' सकलमङ्गलश्रेष्ठ !। 'सवितानहरे ! ' सवितानाः–विस्तारवन्तो हरय –तुरङ्गमा यस्य । 'क्षमोह ! ' क्षमां–पृथिवीं स्वकीयां पालयितुं, परकीयां ग्राहयितुं ऊहते–वितर्कयति । 'कान्तारवारण!' कान्तारा –चारुचङ्क्रमणा. वारणा –करिणो यस्य। 'धर्मार्थकामद !'

विशेषेण ईर्ते–गच्छति ।'धीर !'धिया–बुद्ध्या राजते,धियं वा ददाति।
' सोम ! ' सत्कीर्ते ! । 'प्रभाव ! ' प्रकृष्टाभिप्राय ! । 'परमागम !'
परः–प्रकृष्टः मागमो–लक्ष्मीसमागतिर्यस्य। 'सूरे !' सकलशास्त्रविशा-
रद ! अनेन'विशेषणद्वयेन सिद्धपालस्य लोकोत्तरत्वमुक्तम् । सहवास-
विरुद्धयोरपि ब्राह्मीलक्ष्म्योरस्मिन् सहवासदर्शनात् ॥ ९८ ॥

अथानवद्यविद्यावैशारद्यमाहात्म्यनिराकृतजितः श्रीअजितदेवसूरि-

हे ' जयाद्यदेव ! ' जयः–जयवाद आद्य–प्रथमो यस्य। तथा हि–

" यः शब्दशास्त्रगणितागमभव्यकाव्य-
तर्ककर्कशमतिप्रसरैः प्रबुद्धैः ।
भावारिभि स्मरमदप्रमुखैर्नु [illegible]-
मुद्दये [illegible] न जीयते स्म ॥ "

सः, अर्थात् अजित स नामो [illegible] । 'सूरे !'
आचार्य ! । [illegible]
[illegible]

1 "[illegible]" [illegible]

क्षमदः—अनुपशमः तं हन्ति अमदहा उदयो यस्य । 'वीरधीर !' अवनं—ऊः—सर्वरक्षा तस्यां ईरधीः—गमनबुद्धिस्तां राति—ददाति । 'सोमप्रभ !' आल्हादक !! 'परमागमसिद्ध !' जिनसिद्धान्तेन ख्यात !!

अथ परमतमतङ्गजव्रजविजयसिंहः श्रीविजयसिंहसूरिः—

हे 'हरे !' सिंह ! 'जयाच !' जयशब्दपूर्वक ! सिंह ! । 'सवितान !' वेः—विशब्दात् तानः—विस्तारः, सह वितानेन वर्त्तते विजयसिंह इत्यर्थः । 'सूरे !' आचार्य ! । 'कल्य !' कलिकालेऽपि दुःकरक्रियाकलापकरणसज्ज !! 'आगसार !' आणः—शब्दस्तेन सार! सजलजलधरध्वानगम्भीरया गिरा देशनां करोतीत्यर्थः 'क्षमोह !' क्षमां—क्षान्ति ऊहते महापराधेऽपि न कुप्यतीत्यर्थः । 'कान्तारवारग !' कान्तासु—स्त्रीषु आरः—अभिगमः तं वारयति । स्वयं निरुपमब्रह्मचर्यपरः परेभ्यो ब्रह्मचर्यमुपदिशतीत्यर्थः । 'समान !' समस्तजनजनितरुज ! । 'देव' इति क्रिया । अस्पृष्टापवादभूमिं नय, देववद् आचर । 'धर्मार्थे !' धर्महेतो ! । 'कामद !' स्मरखण्डक !! 'महोदयवीरधीर !' मोक्षगमनप्रगल्भ ! । 'सोम!' चारित्रिषु प्रथमप्रथितकीर्त्ते ! । 'प्रभावपरम !' प्रभावः—परैरनभिभवनीयोऽनुभावस्तेन परम !—प्रकृष्ट !! 'आगमसिद्ध !' स्वपरागमप्रख्यात ! ॥१००॥

इत्थं अर्थशतं श्रुत्वा समुल्लसितमतिप्रकर्षः कोऽपि शिष्यः शतार्थवृत्तस्यास्य कर्तारं स्वगुरुमनेनैव वृत्तेन स्तौति—

हे 'सोमप्रभ !' सूरे ! 'कल्याणसारसवितानहरे !' कल्या—विवक्षितार्थप्रतिपादनदक्षा आणाः—शब्दास्त एव सारसानि—पद्मानि

तेषां वितानो-विस्तारस्तत्र हरे!-सूर्य!, अनेन स्वध्यानेकार्थसन्दर्भं स्यगात् प्रभुरित्युक्तम् । ' अज्ञमोहकान्तारवारणसमान ! ' अज्ञो-ज्ञानं तत्र यो मोहः—स एव कान्तारं तद्भङ्गे वारणसमान ! —गजसम ! । अनेन यथार्थावबोधजननिष्ठये ज्ञातार्थवृत्तस्य वृत्ति प्रभुश्चकार इत्युक्तम् । जय त्वम्! ' आद्यदेव ! ' आद्य-एकत्रैव वृत्ते अर्थदातविर्भावनेन श्रेष्ठः देवः चतुर्विंशत्यर्हदादिस्तुतिर्यस्मात् । ' धर्मार्थक ! ' धर्मार्थः-पुण्यहेतुः कः-आत्मा यस्य । ' अमद ! ' निरहङ्कार !। ' महोद !' महः-तेजः ददाति, सकलसङ्घस्य तेजःप्रद इत्यर्थः। 'यवीर!' इः-कामः अवीरः अविक्रान्तो यस्य । ' धीर ! 'धियं राति, धिया वा राजते । ' आव परम ! ' अवनं आवः समस्तसत्त्वरक्षा तेन परम!-प्रकृष्ट !। 'आगम-सिद्ध !' आगमेन-सिद्धान्तेन प्रसिद्ध ! ॥ १०१ ॥

स एव शिष्य स्वकृते. कविर्वैर्गुरोर्गरिम्णा जितकाञ्चनादेः ।
गृहस्थभावान्वयकीर्त्तनेन व्यनक्ति भक्तिं पुनरुक्तमेताम् ॥ १ ॥

प्राग्वाटान्वयनीरराशिरजनीजानिर्जिनार्चापर
सञ्जातो 'जिनदेव' इत्यभिधया चूडामणिर्मन्त्रिणाम् ।
यस्यौदार्यविवेकविक्रमदयादाक्षिण्यपुण्यैर्गुणै
साम्यं कर्तुमहर्निशं जगदपि क्लि'यन् न विश्राम्यति ॥२॥

तस्यात्मज सुजनमण्डलमौलिरत्न—
मुज्जृम्भितेन्द्रियजयाऽजनि ' सर्वदेव ' ।
यत्कारयसर्वगुणनिर्मितकौतुकेन
धात्रा कृताऽयमिति य प्रथितं पृथिव्याम् ॥ ३ ॥

सूनुस्तस्य प्रशमकमलादर्पणः पुण्यकामः
कौमारेऽपि स्मरमदजयी जैनदीक्षां प्रपन्नः ।
विषमस्याऽपि श्रुतजलनिधेः पारमासाद्य जज्ञे
श्रीमान् 'सोमप्रभ' इति लसत्कीर्तिराचार्यवर्यः ॥ ४ ॥
यो गृह्णाति समुच्छ्रितं वहति यस्तर्केऽद्भुतं पाटवं
काव्यं यस्त्वरितं करोति तनुते यः पावनीं देशनाम् ।
योऽवम्नात् सुमतेश्चरित्रमद्भुतं यः सूक्तिपङ्क्तिं परां
श्रीसोमप्रभसूरिरेष विशदं वृत्तं शतार्थं व्यधात् ॥ ५ ॥

अथास्य वृत्तस्य धेनुत्वमाह—

कल्याण ! कान्तार ! धर्मार्थ ! सोमप्र !

हे 'सोमप्र !' सोमं—जलं प्राति—पूरयति जलद इत्यर्थः । 'कल्याण !' कल्यः—पटुः आणः—गर्जितध्वनिर्यस्य । 'कान्तार !' कं—जलं तस्य अन्तः—मध्ये रः—वन्हिः विद्युल्लक्षणो यस्य । 'धर्मार्थ !' धर्महेतो ! । जलदवृष्टेर्धान्यादिनिष्पत्त्या धर्मप्रवृत्तिहेतुत्वात् वर्तसे इति क्रिया । 'भ्भ्यज्रस्तामकैकोऽप्यन्धिः, रज्ञः २, शुभम् २, दुग्धम् ४ इत्याहुः' (हैमच्छन्दो० २–९) त इति लक्षणेन दुग्धं नामच्छन्दः ॥ १०२ ॥

सारस ! वारण ! कामद ! भा वप ।

हे 'वारण !' गज ! । सारा सा—श्रीर्यस्मात् । 'कामद !' वाञ्छितार्थप्रद ! । भाः—प्रभा वप—आरोपय, समरे शत्रून् जय इत्यर्थः ॥ शशच्छन्दः ॥ १०३ ॥

वितान समान ! महोद ! रमाग !

वितानेन–यज्ञकर्मणा समान !–साहङ्कार ! याज्ञिक इत्यर्थः । 'महोद !' महः–तेजो दयते । 'रमाग !' रमां–श्रियं गच्छति क्रतुकर्मणे ईदृशस्त्वमसि इत्यर्थः । शुभं वृत्तम् ॥ १०४ ॥

हरेक्ष ! जयाद्य ! यवीरमसिद्ध !

हरं–शङ्करं ईक्षते ।' जयाद्य ! ' जया–गौरी आद्या पूजावसरे प्रथमा यस्य । अत एव ' यवीरमसिद्ध ! ' इः–कामः अवीरः–अः–सुभटो यस्य ईदृशो य. म.–महेश्वरः तेन देव इति प्रतिपन्नेन सिद्ध–ख्यात ! महेश्वर इत्यर्थः इदमपि शुभं वृत्तम् ॥ १०५ ॥

मोहदेव ! धीर ! सूरे !

हे ' सूरे !' आचार्य !। ' मोहदेव !' मोहं दोव्यति–जिगीषति 'धीर !' धियं–धर्मबुद्धिं राति । 'वान्ते ग्वक:' (हैमच्छन्दो० १–५ इति छन्दःसूत्रात् अन्त्यवर्णगुरुत्वे स्त्री इति च्छन्दः ॥१०६॥

इति पञ्चभिः पदैः पञ्च वृत्तानि ।
एवं द्विकत्रिकसंयोगे बहूनि वृत्तान्युत्पद्यन्ते ।
समाप्ता चेयं शतार्थवृत्तवृत्तिरिति ।
कृतिरियं भगवतो विजयसिंहाचार्यचरणशुश्रूषानिरतस्य
श्रीसोमप्रभाचार्यस्य ।

शुभं । श्री । कल्याणमाला आविर्भवन्तु ॥

શ્રીવર્ધમાનગણિવિરચિત ૧૧૬ અર્થવાળા કાવ્યનું

ભાષાંતર.

ગૂર્જરેશ્વર કુમારપાળના ધર્મગુરુ કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વરના શિષ્યરત્ન શ્રીવર્ધમાનગણિએ કુમારવિહાર નામનું કાવ્ય રચ્યું હતું. (આ કાવ્ય અત્યારે કેટલીય તપાસ કર્યા છતાં કોઈ પણ ભંડારમાં ઉપલબ્ધ થયું નહીં.) તેના ૮૭ મા શ્લોકના પ્રથમ સ્વોપજ્ઞ વૃત્તિમાં પોતે છ અર્થ કર્યા હતા, છતાં લોકોને આશ્ચર્ય પમાડવા ખાતર ૧૧૬ અર્થ ફરીથી કરે છે.

તે સત્યાસીમું શ્લોક નીચે મુજબ—

गम्भीरः श्रुतिभिः सदाचरणतः प्राप्तप्रतिष्ठोदयः
सत्कान्तारचितप्रियो बहुगुणः यः साम्यमालम्बते ।
श्रीचौलुक्यनरेश्वरेण विबुधश्रीहेमचन्द्रेण च
श्रीमद्वाग्भटमन्त्रिणा च परिवादिन्या च मन्त्रेण च ॥

આ કાવ્યમાં પ્રગટ રીતે દૃષ્ટિગોચર થતાં ઉપમાનો સિવાય બીજા ઉપમાનો પણ થાય છે તે કહીએ છીએ.

(૧) નમસ્કાર કરેલા સામંત રાજાનું વર્ણન—

શ્રીચૌલુક્ય વંશમાં જન્મેલા હે શ્રીકુમારપાળ રાજા ! આ દેરાસર તમને નમસ્કૃત થએલા રાજાની સરખામણી કરે છે

(૪) વિષ્ણુવર્ણન—

સર્વ રૂપોને ભજનાર આપનારી એક અદ્વિતીય પ્રભુ ! હે કુમારપાળ ! આ વિહાર મધુરિપુની ઉપમાને ધારણ કરે છે.

જેમ મધુરિપુ ! પોતાના નાભિકમળમાં રહેલા ચતુરાનની વેદધ્વનિથી ગંભીર, અનેક અષ્ટાદિસ્થિર મોટા સંગ્રામોમાં હમેશાં જીત મેળવનાર (એટલે રાજ્યલક્ષ્મીને સફળ બનાવનાર), દાન-પરાયણ સત્યભામા વિગેરે ૧૬૦૦૦ સુન્દર સ્ત્રીઓથી પ્રેમ મેળવનાર, અથવા તે સર્વ સ્ત્રીઓને એકજ રાત્રિમાં સુરત (સંભોગ)થી સુખ આપનાર, એક જ રાત્રિએ સર્વની આશા શી રીતે સંપૂર્ણ કરે ! એવી ક્રીડા ઉત્તમ રીત તેને લીધે અવતારવાનું કે સત્વ, રજસ, તમોગુણરૂપ દેવાળો અનેક રૂપ કરવાને અભિસંધન.

(૫) મહાદેવવર્ણન—

કરેલા વિગેરે મધુ કરવાથી ગૌરીસ્વરૂપમાં હે એક પુણ્યરત્ન ! કુમારપાળ ' એ દેરાસર મહેશ્વરની સરખામણી કરે છે. જેવો મહાદેવ ! હિમાલય પર્વતીના મધુર વચનો સાંભળવાથી ગંભીર, દાનવોના વધ કરવાથી હમેશા જયશ્રી મેળવનાર, અને તેથીજ લોકોત્તર સુન્દર પત્ની (પાર્વતી) એ આપેલા વિષયજન્ય સુખથી આહ્લાદ પામનાર અને સત્વ, રજસ, તમસ ગુણોથી યુક્ત (આ સરાગ ઈશ્વરનું વર્ણન કર્યું)

(૬) નીરાગ ઈશ્વર (વીતરાગનું) વર્ણન.

=અઢાર દોષરહિત વિશુદ્ધ મહેશ્વરની ભક્તિ કરવાથી, અને રસેશ્વર જિનધર્મ પરિપૂર્ણ ગયેલો હોવાને લીધે ગૌતુક વચના

= ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ, ૯ ભય, ૧૦ શોક, ૧૧ જુગુપ્સા, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા ૧૬ અવિરતિ, ૧૭ રાગ અને ૧૮ દ્વેષ એ અઢાર દોષ પરમાત્મા ઈશ્વરમાં હોતા નથી.

એક અદ્વિતીય પુરૂષ ! આ પ્રાસાદ નીરાગ ઈશ્વરની સદશતા ધારણ કરે છે. પરમ બ્રહ્મમય ઈશ્વર કેવો ! દરેક દેવલોકનું યથાર્થ વર્ણન કરવાવડે ગભીર. ધર્માચરણ વડે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ, અને અણિમાદિ અષ્ટવિધ ઐશ્વર્યયુક્ત, સ્ત્રીઓને ધર્મોપદેશ આપી સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ કરાવવાવડે તેમનું પ્રિય કરનાર, અને સત્વ, રજસ્, તમસ્ અને ત્રણે ગુણોથી વર્જિત.

(૭) ધનપતિ વર્ણન—

સર્વ ત્રણે લોકની લક્ષ્મીના હૃદયને હરણ કરે એવા સૌંદર્ય અને સમચતુરસ્ત્ર શરીરસંસ્થાન હોવાને લીધે, તથા મહાન્ પુરૂષોને અનુરૂપ તલ, મષા વિગેરે શુભ લક્ષણ સંપન્ન હોવાને કારણે (હે ચૌલુક્ય વંશના પ્રધાન પુરૂષ !) આ દેરાસર ધનપતિ સાથે સરખામણી કરે છે. કેવો ધનપતિ ! શબ્દ સાંભળવામાં ગંભીર (જરૂર જણાય તો સાંભળે , જરૂરત સિવાય સાંભળ્યું છતાં ન સાંભળ્યું કરનાર). સત્પુરૂષયોગ્ય આચરણ રાખવાથી પ્રશંસારૂપ પ્રતિષ્ઠા અને સમૃદ્ધિરૂપ ઉદય પ્રાપ્ત કરનાર, સુંદર સ્ત્રીઓવડે સંતતિના કારણભૂત સુરત સુખથી આલ્હાદ મેળવનાર, અને અનેક ગુણો યુક્ત (નિર્ગુણ પણ લક્ષ્મીને લીધે ગુણીજ ગણાય છે). કહ્યું છે કે—

यस्यार्थास्तस्य मित्राणि, यस्यार्थास्तस्य वान्धवाः ।
यस्यार्थाः स पुमांल्लोके, यस्यार्थाः स च पण्डितः ॥

" જેના પાસે ધન હોય તેના સર્વ મિત્રો, તેના સર્વ બધુઓ, તેજ દુનિયામાં મરદ અને તેજ પંડિતમાં પંકાય છે."

અથવા પક્ષ્મગુણ પણ આવી રીતે–જે લક્ષ્મીસંપન્ન હોય તેના પાસે ગુણિજન હોય તે ગુણિજનોની સોબતને લીધે તે પણ ગુણવાન્ બને. અથવા સૌભાગ્યાદિ અનેક ગુણો યુક્ત.

તીર્થંકર સાથે સામ્યતા ધરાવે છે. શી રીતે ? સ્વયંભૂરમણ સમુદ્રથી પણ અધિક ગંભીર, અનેક કરણોથી ઉપલક્ષિત. કહ્યું છે કે—

चतुर्गात्रं चतुर्वक्त्रं चतुर्धा धर्मदेशकम् ।
चतुर्गतिविनिर्मुक्तं नमामि जिनपुंगवम् ॥

"પૂર્વ દિશામાં મૂળરૂપ અને શેષ ત્રણ દિશામાં દેવકૃત પ્રતિબિંબ હોવાને લીધે ચાર રૂપવાળા, ચાર મુખવાળા, દાન, શીલ, તપ, ભાવ એમ ચાર પ્રકારના ધર્મને પ્રરૂપનાર અને નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિથી મુક્ત થએલા (સિદ્ધિપદને પામેલા) શ્રી જીનેશ્વર ભગવાનને નમસ્કાર કરું છું."

સર્વદા ક્ષાયિક ચારિત્રથી મોક્ષમાં સ્થાન મેળવનાર, દીક્ષા સમયે સાંવત્સરિક દાન દાતા, નિત્ય-શાશ્વત રહેનારી સિદ્ધિ (મુક્તિ) નું કર્યું છે પ્રિય (વ્હાલ) જેમણે એવા. અથવા સુર, નર, તિર્યંચ વિગેરે સર્વને સાધારણ રીતે પ્રતિબોધ આપનાર, કહ્યું છે કે—

देवा दैवीं नरा नारीं शबराश्चापि शाबरीम् ।
तिर्यञ्चोऽपि च तैरश्चीं मेनिरे भगवद्गिरम् ॥

દેવો દેવ વાણી તરીકે, મનુષ્યો મનુષ્ય ભાષા તરીકે ભિલ્લો ભીલોની બોલી તરીકે અને તિર્યંચો તિર્યંચ ભાષા તરીકે પ્રભુની વાણીને સમજે છે.

કેવળજ્ઞાની જેનું વર્ણન કરી શકે એવા અનંત ગુણોવાળા

(૧૧) દૂરવર્ત નામના સુંદર આરા (કાળવિભાગ)નું વર્ણન—

કે [illegible] હતા ! [illegible]

[illegible]

કમળ ઉપર ભ્રમર સમાન ! સુરપરાન ! હે ચૌલુક્ય શ્રેષ્ઠ પુરુષ !
સુગમ નામા આરો, ભ્રમર પરતીર્થિકોએ જેનું નામ કૃતયુગ
છે તે તીર્થંકરોના જન્મને લીધે પૂજાએલો ત્રીજો સુગમ દુઃગમા
આરો છે તેની સાથે આ ચૈત્ય સામ્યતા ધરાવે છે કેવો આરો
બીજા કોટાકોટી સાગરોપમ સુધી ગમન કરનાર, જ્યાં લોકો
રહિત હોય છે એવો. પરસ્પર વિરોધ રહિત સ્વભાવથી પોષણરૂપ
ચારથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ, શીલવતી સ્ત્રીઓથી મનોરમ સુખ આપ-
નાર અને વિરુદ્ધ દુઃખરહિત હોવાને લીધે મહદ્ગુણો યુક્ત.

(૧૨) વિષ્ણુચક્ર વર્ણન—

શરણાગતને વજ્રના પાંજરા જેવા હે ચૌલુક્ય પ્રધાન રાજન્ !
સુન્દર છે આરક જેના એવા વિષ્ણુના સુદર્શન ચક્ર સાથે આ
જિનાલય સરખામણી કરે છે. કેવો ચક્ર ! શત્રુઓને હણવાના સમરે
ઉઠાતા વેગના શબ્દ સંભળાવાથી ગંભીર, ઉંચે જનાર, શીલવતી સત્યભામા વિગેરે જેની પત્નીઓ છે
કરેલ, ઉંચે જનાર, શીલવતી સત્યભામા વિગેરે જેની પત્નીઓ છે
એવા વિષ્ણુએ જેનું પ્રિય કર્યું છે એવો અને તેથીજ સર્વ આયુધોમાં
મહદ્ગુણી ગણાએલ.

(૧૩) કામપુત્ર (અનિરુદ્ધ) વર્ણન—

હે ચૌલુક્ય નરેશ્વર ! આ પ્રાસાદ કામપુત્ર અનિરુદ્ધ સાથે
સામ્યતા ધરાવે છે કામપુત્ર કેવો ! દરેક પ્રાણિઓના ચિત્તમાં ગમન
નાર, ભીતિને કપાવનાર (અર્થાત નિર્ભય) અત્યંત મહા પરાક્રમ
હોવાથી સર્વ લોકથી પ્રશંસા સામગ્રી વડે ગંભીરતાવાળો, કલેશ
સંબંધથી પ્રતિષ્ઠા મેળવેલ. ઉષા નામની પત્નીથી રતિસુખ મેળવેલ,
અને શૌર્ય, સૌભાગ્ય વિગેરે ઘણા ગુણો યુક્ત

(૧૪) શીકારી વર્ણન—

નિરંતર મધ્યાહ્ના અનાકાશ્યમોમતી પ્રતિષ્ઠા મેળવનાર

પાર્શ્વનાથના બિમ્બથી મહોદય મેળવેલ છે. અગ્નિ તેવો નથી. કેમકે તે અતિ ચપલ જ્વાળાઓના જથ્થાથી વિરાજિત હોવાથી તે અસ્થિર છે. આ વિહાર ગોતરફથી અંત ભાગોવડે આનંદ આપનાર છે. અગ્નિ તેવો નથી. આ જિનાલય ઘણા ગુણોયુક્ત છે. અને અગ્નિમાં બહુ ગુણો નથી. તેથી આ વિહાર સાથે અગ્નિની સરખામણી ન હોઇ શકે. કારણ કે એ તેના કરતાં અધિક છે.

(૨૦) યમવર્ણન—

હે ચૌલુક્ય નરેશ્વર! પ્રાણિમાત્રને સંતાપ ઉપજાવનાર તથા એક શરીરથી બીજા શરીરમાં દાખલ કરનારા યમરાજ સાથે આ ચૈત્ય સરખામણી કરે છે કેવો યમ? બાલ–વૃદ્ધ અને યુવાનોમાં અસ્ખલિતગતિ કરનાર. ત્રણે લોકને નામ માત્ર સાંભળવાથી ભય આપનાર, નાશ કરવાના આચરણથી પ્રતિષ્ઠા મેળવેલ, સજ્જન પુરૂષોની સ્ત્રીઓનું જેણે ઇષ્ટ કર્યું નથી એવો. અર્થાત્ આખા જગતમાં કોઇને પણ મરણ ગમતું નથી. તેથીજ ગુણ રહિત.

(૨૧) વરુણવર્ણન—

હે ચૌલુક્ય નરેશ્વર! આ ચૈત્ય વરુણ સાથે સરખામણી કરે છે. કેવો વરુણ! જલ ધ્વનિ સાંભળવાથી ગંભીર. હમેશાં પશ્ચિમ દિશામાં રહેવાને લીધે પ્રતિષ્ઠા મેળવેલ, દાન આપનાર, અંતઃપુરની સ્ત્રીઓથી સંતોષ પ્રાપ્ત કરેલ. અને સદ્‌ગુણોથી વિભૂષિત.

(૨૨) રાક્ષસવર્ણન—

હે ચૌલુક્ય નર! આ જિનાલય રાક્ષસ સાથે સામ્યતા ધરાવે છે. કેવો રાક્ષસ? સર્વત્ર ગમન કરનાર, નામ માત્ર સાંભળવાથી ભય ઉપજાવનાર, તેમજ ખડગ કરીને ખાઇ જવા વિગેરેથી પણ ભયં કરનાર પોતાના સંબન્ધીઓમાં પ્રતિષ્ઠા મેળવેલ, દયારહિત, મસ્તકોની રૂંડમાળ ધારણ કરનાર. આથી જ અન્ય દેવો કરતાં ઓછા ગુણવાળો.

(૨૫) પાતાળવર્ણન—

હે ચૌલુક્ય નર ! આ ચૈત્ય પાતાલ સાથે સરખતા ધરાવે છે. કેવો પાતાલ ભાગ ? જેના મધ્ય ભાગનો તાગ ન હોવાને લીધે ગંભીર તેમજ પરમાધાર્મિક દેવોએ કદર્થના કરેલા નરકના જીવોનો કોલાહલ સાંભળવાથી ગંભીર સર્પોથી હમેશાં પ્રતિષ્ઠા મેળવેલ, નાગાંગના સહિત, સુન્દર જળથી સંતોષ મેળવેલ અને મર્ત્યલોકની અપેક્ષાએ ઘણા ગુણયુક્ત.

(૨૬) મર્ત્યલોકવર્ણન—

હે ચૌલુક્ય નર ! આ વિહાર મર્ત્યલોક સમાન છે. કેવો મર્ત્યલોક ? નિરંતર ગતિ કરનારા તિર્યંચ અને મનુષ્યોના કોલાહલ સાંભળવાથી અથવા વેદપાઠકોથી ગંભીર. સુન્દર કર્તવ્યોથી પ્રતિષ્ઠા તથા ઉદય મેળવેલ, અથવા હમેશા અનાચારને લીધે દેવગુરુમાં મગ્ન સ્થૈર્ય અને અનુકૂલ દૈવને ધારણ કરનાર. મતલબ કે સારાં કામો કરનાર માણસ સદ્ગતિ મેળવે અને ખરાબ કામથી દુર્ગતિ મેળવે સુંદર સ્ત્રીઓથી થએલ છે પ્રિય જેમાં. અનાદિ ધર્મથી પ્રતિબદ્ધ હોવાને લીધે બહુ ગુણવાળો, તે સિવાય બહુ ગુણવાન નહિ.

(૨૭) સુરલોકવર્ણન—

હે ચૌલુક્ય ! આ ચૈત્ય સુરલોક સાથે સામ્યતા ધરાવે છે કેવો સુરલોક ? નિરંતર ચાલતા નાટક પ્રેક્ષણના સંગીત સાંભળવાથી ગંભીર હમેશા દેવોના સંચારથી પ્રતિષ્ઠા પામેલ, લક્ષ્મી જેવી દેવાંગનાઓ છે જ્યાં, અને દેવાંગનાઓથી દેવોને સુખ ઉપજાવનાર એથી જ પાતાલ અને મર્ત્યલોકની અપેક્ષાએ બહુ ગુણયુક્ત.

(૨૮) ધનુર્ધરવર્ણન—

હે ચૌલુક્ય નર ! આ જિનાલય ધનુર્ધર સાથે સામ્યતા ધરાવે છે ધનુર્ધારી કેવો ? ધનુષના ટંકાર સાંભળવા ગંભીર, ધનુર્વેદમાં

અભ્યાસથી ધનુર્ધારીઓમાં પ્રખ્યાતિ મેળવેલ, દાતા અમર નિર્દય, સારા લોકોની સ્ત્રિઓને પ્રિય કરનાર, ધનુષ્યની દોરીમાં બહુગુણ માનનાર અર્થાત્ ધનુ ટંકાર સાંભળવાથીજ કેવળ ગંભીર નહી, કિન્તુ અન્ય શત્રુ વિગેરેના શિરચ્છેદ કરવાથી પ્રતિષ્ઠા મેળવેલ સુભટ બરાબર લક્ષ્યવેધી ગણાય, અથવા ઘણા સુભટોને આમ વગુ આપનાર.

(૨૯) સજ્જનવર્ણન—

હે ચૈત્યુકજ નર! આ દેરાસર સજ્જન સાથે સરખામણી કરે છે. કેવો સજ્જન ! સ્વભાવે ગંભીર, વેદવાક્યોના ઉચ્ચારણથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે વદન જેનું, દરેકના હૃદયને આલ્હાદ ઉપજાવનાર, સારા માણસોમાં એક ગણાતા સજ્જન શિરોમણિઓનું અભિમત (પ્રિય) કરનાર, અને મિત્રતા વગેરે સકલ ગુણોના નિધાનરૂપ.

(૩૦) દુર્જનવર્ણન—

હે ચૈત્યુકજ નર! પૃષ્ઠના માંસનું ભક્ષણ કરનાર હોવાથી કૂતરા જેવા દુર્જન સાથે આ ચૈત્યને સરખાવી શકાય છે, કેવો દુર્જન ! અન્યને ઠગવાને ગમન કરનાર, ત્રાસ આપનારા શબ્દ સાંભળવાથી ભય ઉપજાવનાર, બીજાનું કામ તોડી પાડવાથી પ્રતિષ્ઠા મેળવેલ, દયા રહિત, સારા માણસોના સુખને નાશ કરી પોતાનું ધાર્યું કરનાર. આથી જ નિર્ગુણ ગણાએલ.

(૩૧) કુમારપાળનૃપવર્ણન—

હરિના મુખ આગળ બેઠેલા આ કુમારપાળ નરેશ્વર સાથે આ ચૈત્ય સામ્યતા ધરાવે છે કેવો કુમારપાળ ! ચરમ સ્વયંભૂરમણ સમુદ્ર સમાન ગંભીર વેદોક્તિઓ તેમજ સત્કર્મોથી પ્રતિષ્ઠા મેળવેલ, અથવા પોતાના પરિજનોમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ. પ્રાણિઓને અનુકૂલ નથી-ળની માફક વાંછિતાર્થ આપનાર, સેવકોથી પ્રિય કરાએલ અથવા સેવકોને પ્રિય કરનાર અને સર્વ ગુણોનો સમુહ

(૩૨) રાજહંસવર્ણન—

આ જિનાલય રાજહંસ સાથે સામ્યતા ધરાવે છે. જેમ પદ્મ આકાશમાં ગમન કરનાર, તેવા પ્રકારના શબ્દો સાંભળવાથી શ્રી લીધે શોભાયમાન. હમેશા ફરીને આહારાદિ મેળવનાર, જીવ હોવાને લીધે નિર્દય, શૂન્ય અરણ્યમાં વિશેષ પ્રીતિ ધરાવનાર, કે મનુષ્ય વિગેરની વસ્તીમાં ભયને લીધે ટકી શકે નહિ. અ નિર્મળ માનસરોવરના જલમાં આનંદ મેળવનાર. વિશેષ ઉત્તમ તાના ગુણયુક્ત. જે પક્ષી હીનસ્વરૂપ હોય તે અપાદુગુણ છે એ વર્ણન કરાય અને જેનો જે વર્ણ હોય તે ગુણ ગણાય. જેમ કે મે અતિ નીલવર્ણ છે.

(૩૩) પંડિતવર્ણન—

આ જિનાલય વિબુધ સાથે સદૃશતા ધરાવે છે. તે આ પ્રમાણે સકલ શાસ્ત્ર અગર વેદો ભણવાથી ગંભીર, વરદાન આપનારી સરસ્વતી દેવીના ચરણ કૃપાથી પ્રતિષ્ઠાને પ્રાપ્ત થયેલ છે [illegible] અથવા સદાચાર વડે [illegible] પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે [illegible] તે. અનુકૂલ [illegible] સુખ આપનાર. [illegible] સાજનોની આજ્ઞાઓને પ્રિય કરનાર અર્થાત્ સર્વ લોકોને પ્રિય [illegible] [illegible] રત્નોના સ્થાન [illegible]

[illegible] આ [illegible] પરિચ્છેદ [illegible] પક્ષી સૂચક [illegible] શ્રીચન્દ્રની, શ્રીચન્દ્ર [illegible] કરનાર, [illegible] હેમ નો, ચન્દ્ર [illegible] હેમચન્દ્ર [illegible] માઘચન્દ્ર [illegible] [illegible] રીતે થાય છે. તેમ [illegible] [illegible] છે

(૩૪) મૂર્ખવર્ણન—

જેમ કદ્રૂપાને રૂપવાન્ કહેવા છતાં તેનો અર્થ કદ્રૂપો જ થા
છે તેમ મૂર્ખને 'આવો પંડિતજી!' એમ વિપરીત કહેવા છતાં તે
મૂર્ખપણું જ સાબિત કરાય છે. કહ્યું છે—

मृगा मृगैः सङ्गमनुव्रजन्ति गावश्च गोभिस्तुरगास्तुरङ्गैः ।
मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः समानशीलव्यसनेषु सख्यम्॥

હરણ હરણો સાથે, ગાય ગાયો સાથે, ઘોડા ઘોડા સાથે, મૂર્ખ મૂર્ખો સાથે અને વિદ્વાન્ વિદ્વાનો સાથે મિત્રતા બાંધે, કારણ કે મિત્રતા સરખે સરખાની જ હોય છે. તેથી આ ચૈત્ર મૂર્ખની સાથે સમાનતા ધરાવે છે.

હે મૂર્ખ! અદશ પાઠો રૂપી ગમ-ભંગ છે જેમાં એવા આગમોમાં ભીતિ ધરાવનાર, તથા યુક્તિવડે પણ ભીતિ રાખનાર, કારણ કે મૂર્ખ હોવાને લીધે તત્ત્વોના યથાવસ્થિત અર્થને ધારણ કરવામાં સમર્થ હોતો નથી પોતાના ખરાબ વર્તનને લીધે દેવગુરુ ઈશ્વર સ્થિરના સ્મરણનો અર્થાત્ દેવગુરુમાં સંદેહ ધરાવનાર જીવ તથા અજીવનું બરાબર જ્ઞાન ન હોવાને કારણે નિર્દેશ દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

जीवे वि न याणाइ, अजीवे वि न याणइ ।
वाजीवे अयाणंतो, कह सो नाहीइ संजमं ? ॥ १२ ॥
जो जीवेवि वियाणाइ, अजीवे वि वियाणइ ।
जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥ १३ ॥

(અધ્યયન ૪)

સકલ વેદ અને સકલ શાસ્ત્ર શ્રવણ કરવાથી અને [1]પંચાચારનું પાલન કરનાર હોવાથી સમસ્ત દુનિયામાં મન્યવાદનો પ્રાપ્ત થયેલા સમગ્ર સંઘમાં દાતા અથવા જેને સમૃદ્ધિ-પ્રતિષ્ઠા મેળવેલી છે એવા અથવા શ્રીપાર્શ્વનાથની પ્રતિમા સ્થાપન કરવાથી મહાન્ ઉદય પ્રાપ્ત કરેલા અથવા મનવાંછિત સિદ્ધિ માટે જેમના વચનો ઉચ્ચ કરનારના છે એવા. સર્વ ભવ્ય જીવોને અનુકૂલ નમીશ્વર સમાન. અથવા દેવગુરૂ વિષે શ્રદ્ધાવાળા શ્રાવકો તથા મુનિઓમાં શ્રેષ્ઠ. અથવા દેવોમાં શ્રેષ્ઠ ગણાએલા બ્રહ્માની પેઠે કરનારા, અથવા પરમાત્મા શ્રીવીતરાગને જ દેવ માનનારા પીકુમારપાલ રાજાથી મહોત્સવ અને ન્યાયથી મેળવેલા, અથવા નમસ્કાર કરવા આવેલા સાધુઓ અને શ્રાવકોનો ઉદય કરનારે, અથવા કોટિધ્વજ શ્રીમંત શ્રાવકોથી પ્રતિષ્ઠાને પ્રાપ્ત થએલા. અથવા વૈષ્ણવોને પ્રણામ કરી જેમને પૂજ્ય માનવાથી પ્રતિષ્ઠા અને ઉદય પ્રાપ્ત કર્યા અથવા મહાકાળ, સોમનાથ વિગેરે લિંગોમાં પ્રતિષ્ઠિત મહાદેવની પેઠે ઉદય મેળવેલ અર્થાત્ આગમ [illegible] સિદ્ધિ પ્રાપ્ત [illegible] શ્રી દિગમ્બરાચાર્ય મહ [illegible] મ [illegible] મહેશ્વર માન [illegible] અથવા જૈનિક, તાપસ વિગેરે [illegible] પ્રતિષ્ઠા [illegible] અથવા [illegible] અથવા [illegible] અથવા [illegible] સમ્યગ્ [illegible] પ્રમાણ [illegible]

[1] પંચાચારના નામ—

[illegible]

સકલ પદાર્થોની વિચારણા કરવાથી અનંત અર્થો થઈ શકે છે. તથા સજ્જન પુરૂષોના હૃદયને અભિપ્રેત સુંદર કાર્ય કરનાર. અને ગુરુ પ્રધાન હોવાથી આચાર્યના ૩૬ ગુણોથી સંયુક્ત.

(૪૨) મંગળ વર્ણન.-

તથા આ વિહાર મંગળ સાથે સામ્યતા ધરાવે છે, જેમ કે મંગળ! લક્ષ્મીને મથન કરનાર. આકાશમાં ગમન કરનાર. લોક પ્રસાદથી જ ઉપજાવનાર. તત્ત્વ વૃત્તિથી નહી, કારણ કે ધર્મિષ્ઠ મનુષ્યોને સર્વ ગ્રહો અનુકૂળજ હોય છે. હમેશાં ગમન કરવાથી ઉદય મેળવેલ. સારા માણસોથી ઇષ્ટ પૂજાદિ પ્રાપ્ત કરેલો, અને શુભ ગ્રહથી જોવાએલ હોય (અર્થાત્ મંગળ ઉપર શુભ ગ્રહ બુધ, ગુરૂ, શુક્ર અને ચંદ્રની દૃષ્ટિ પડતી હોય) તો અનુકૂળ, પરંતુ વક્રી હોય તો અનુકૂળ નહી.

(૪૩) બુધ વર્ણન-

આ ચૈત્ય બુધગ્રહ સાથે સમાનતા ધરાવે છે. જેમ બુધ! આકાશમાં ગમન કરનાર [illegible] [illegible] [illegible] [illegible]

(૪૪) બૃહસ્પતિ વર્ણન

[illegible]

વેદ વાક્યોથી અને સકલ શાસ્ત્ર શ્રવણથી ગંભીર. પરસ્પર મહે
વૈરી હોવાને લીધે શનૈશ્વર મંદથી પ્રતિજ્ઞા પ્રાપ્ત કરેલ લાભ દા
સારા માણસોને પ્રફુલ્લિત પ્રિય કરનાર. અને શુભ શ્વેત વર્ણ
અનેક ગુણોથી યુક્ત.

(૪૫) શુક્ર વર્ણન-

તથા લક્ષ્મીને મથન કરનારા દાનવોના મંત્રી શુક્ર સાથે આ
વિહાર સરખામણી કરે છે. કેવો શુક્ર ? ગંભીરાર્થ શાસ્ત્ર રચવાથી
અને સકલ શાસ્ત્રો સાંભળવાથી ગંભીર. હમેશા દેવો સાથે સંગ્રામ
કરવાથી પાતાળમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલા અસુરોનું હિત કરનાર, અને
બુદ્ધિ વિગેરે અનેક ગુણો યુક્ત

(૪૬) શનૈશ્વર વર્ણન-

આ જિનાલય શનૈશ્વર સાથે સામ્યતા ધરાવે છે કેવો શનિ ?
આકાશમાં ગમન કરનાર. નામ માત્ર સાંભળવાથી ભય ઉપજાવનાર.
મેરુ વિહારથી પ્રાપ્ત કરેલ છે પ્રતિષ્ઠા અને મહોદય જેણે એવો સજ્જન
પુરુષોની સ્ત્રીઓને ઇષ્ટ સુખ નહી આપનાર. અર્થાત્ દંપતીનો વિયોગ
કરાવનાર. અને જો નીચ સ્થાનમાં હોય તો ઘણો ગુણકારી, પરંતુ
ઉચ્ચ સ્થાનમાં રહેલ હોય તો વિશેષ દુઃખદાયક હોવાથી બહુ ગુણ
યુક્ત કહેવાય નહી.

(૪૭) રાહુ વર્ણન-

પોતાના પુત્ર બુધ મદની શોભાને વિનાશ કરનારા ચંદ્રને
ગ્રસન કરનારા રાહુ સાથે આ ચૈત્ય સામ્યતા ધરાવે છે કેવો રાહુ ?
નીચલા ભાગમાં ચંદ્ર સાથે ગમન કરનાર ગ્રહણ વેળા ભય કરનાર.
' હે રાહુ ! ચંદ્રને મુક્ત કર ' આ પ્રમાણે સકલ લોકોના વચન
સાંભળવાથી અથવા વેદ વાક્યોથી ચંદ્રને કંપાવનાર. ખડ્ગ યુક્ત

ગમન અને ભક્ષણ હોવાને લીધે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલો મદ્દણ વેળાએ નિર્દય અને ફળ આપવાના વખતે દાતા નહી અમૃત પીવાને લીધે સ્થાયી બનેલા મસ્તક વડેજ ચંદ્ર અને સૂર્યને ગ્રહણ કરનારો. આમજ તાકાત રૂપી ઘણા ગુણોયુક્ત.

(૪૮) કેતુ વર્ણન-

તથા આ વિહાર કેતુગ્રહ સાથે સામ્યતા ધરાવે છે. કેવો કેતુ ? આકાશ માર્ગમા ગમન કરનાર. શ્રુતિમાત્રથી આખા દેશને ભયઉપ જાવનાર. ખરી રીતે નહી, સંગ્રામથી પ્રતિષ્ઠા મેળવેલ. દયા રહિત. સત્ પુરૂષોએ અરણ્યમા જેનું ઉચિત કર્યુ છે એવો અને જો નીચ સ્થાનમા રહેલ હોય તો બહુગુણકારી. પરંતુ જો ઉચ્ચ સ્થાન સ્થિત હોય તો બહુ ગુણકારી નહી.

(૪૯) મહાદેવના મસ્તક ઉપર રહેલા ચંદ્રનું વર્ણન-

મહાદેવના મસ્તક ઉપર રહેલા ચંદ્ર સાથે આ ચૈત્ય સદશ્ય ધારણ કર છે. કેવો તે ચંદ્ર ? ગંગાજળના પ્રવાહના પડવાના અવાજ સાંભળવાથી ગભીર બનેલ. હમેશા મહાદેવ સાથે સ્થિરતાથી પ્રતિષ્ઠા અને ઉદય પ્રાપ્ત કરેલ. મહાદેવની પત્ની ગૌરીને મૈથુન પ્રસંગે દિગ્ ભ્રમ.ન કરી તેનું પ્રિય કરનાર. અને કાંતિ, સૌંદર્ય વિગેરે ઘણા ગુણો ધરાવનાર.

(૫૦) મહાદેવના હાસ્યનું વર્ણન-

તથા મહાદેવના અટ્ટહાસ્ય સાથે આ ચૈત્ય સામ્યતા ધરાવે છે. કેવું [illegible] લોકમા ગમન કરનાર. ઉજ્જવલતાને લીધે ચંદ્રને [illegible] ઉત્પન્ન [illegible] અથવા ચંદ્રની કાંતિની માફક શોભાયમાન અટ્ટહાસ્ય [illegible] મહાદેવના પગના [illegible] પડવાને લીધે મહાત્મ્ય અને [illegible], [illegible] ગૌરીને આનંદ ઉપજાવનાર, ઘેરી [illegible]

वाप्यैः सिक्तमलास्त भूमिदरिणा सक्तं च भर्तुं स्मृते-
रुच्चासैंगमनं मया त्वयमपि श्रीहेमचन्द्रः स्मृतः ॥'

(૫૬) યાચક વર્ણન—

તથા આ દેરાસર યાચક સાથે સરખામણી કરે છે કેવા યાચક ? દાન આપનારના કડવા વચન નાખવાથી કોપ નહીં કરનાર હોવાથી ગંભીર, ઘેર ઘેર ફરીને આહાર પ્રાપ્તિ કરનાર, જેની સૌ જગતમાં આનંદ પામે છે એવો, અને સર્વ ગુણોથી રહિત કહ્યું છે કે—

तृणं लघु तृणात् तूलं, तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ ? मामपि प्रार्थयिष्यति ॥

હલકામાં હલકી ચીજ તૃણ છે. તેથી પણ હલકી ચીજ તરીકે આકડાના રૂને ગણી શકાય અને તે આકડાના રૂ કરતાં પણ તુચ્છ યાચક છે.

પ્રશ્ન—તો આવા હલકાને પવન કેમ ઉડાડી જતો નથી ?

ઉત્તર—પવનને પણ બ્હીક લાગે છે કે એ મારા પાસેથી પણ કંઇ માગી બેસશે.

(૫૭) નિષ્કામ વર્ણન--

તથા આ ચૈત્ય કામ રહિત મનુષ્ય સાથે સદ્રશતા ધરાવે છે. કેવો નિષ્કામ નર ? સિદ્ધાંત સાંભળવાને લીધે સ્વભાવથી ગંભીર, હંમેશાં પોતાના શુદ્ધ ચારિત્રને લીધે ખ્યાતિ પામેલો, તથા દેવલોકાદિમાં જવા લાયક નસીબ ધરાવનાર. સાધુ પુરૂષોની કાંતા સમાન મનુષ્યોની દીક્ષાંગનાથી આનંદ પામનાર. અને દરેક ગુણોથી યુક્ત

૧ આ કાવ્યનું અસલ સ્થાન મળી શકેલ નથી, અને અશુદ્ધ હોય એમ લાગે છે તેથી અર્થ કર્યો નથી. કાવ્યનું અસંબદ્ધ અર્થ કામ [illegible] [illegible] લાયક થયા.

(૪૮) ધર્મ વર્ણન—

પ્રથમ પુરૂષાર્થ ધર્મ સાથે આ ચૈત્ય સમાનતા ધરાવે છે. [illegible] ધર્મ ! ગંભીરાર્થ, કારણ કે પાપ કરનારા કસાઇઓ પણ કહે છે કે 'અમે ધર્મ કરીએ છીએ' પરંતુ શબ્દ માત્રથી જ તેમનો અને સર્વજ્ઞ કથિત ધર્મ સમાન મનાય છે. પાખણ્ડ કરનારને સ્વર્ગ અને નરકનાં [illegible] આપનારા તેમાં ગાયના અને આકડાના દૂધના જેટલો તફાવત છે. ગાયનું દૂધ પીનારને પુષ્ટિ આપે છે ત્યારે આકડાનું દૂધ અંતરડા કાપી નાખે છે. તેથી ધર્મ ગંભીર કહેવામાં આવે છે. તથા ન હિંસ્યાત્ સર્વભૂતાનિ કોઇ પણ જીવની હિંસા કરવી નહીં એમ વેદ વાક્યથી જાણીને અન્ય ઠેકાણે [illegible] એમ પણ ઉલ્લેખ કરે છે ત્યાં પરમાર્થ સમજ્યા સિવાય કેટલાક [illegible] લોકો પશુનો વધ કરતા [illegible] કરે છે પરંતુ [illegible] વેદવાક્યનો [illegible] સમજનારા [illegible] [illegible] વધ કરવાનું જ કથન કરે [illegible] કારણ કે [illegible] હિંસાથી સ્વર્ગ નહિ થાય તો નરકે ક્યા કારણથી જવાય [illegible] ધર્મ [illegible] છે. [illegible] શુદ્ધ [illegible] [illegible] [illegible] જ [illegible] [illegible] [illegible] [illegible] જંતુઓને આનંદ આપનાર, અને જ્ઞાન દર્શન ચારિત્ર આદિ [illegible]

(૪૯) અર્થ વર્ણન

[illegible]

(૬૦) કામ પુરૂષાર્થ વર્ણન—

તથા આ ચૈત્ય કામ પુરૂષાર્થ સાથે સદશતા ધરાવે છે કેવો કામ પુરૂષાર્થ ! વિષય વિલાસના શબ્દો સાંભળવાથી ગંભીર, હમેશાં સંગ્રામમાંથી પ્રતિષ્ઠા મેળવેલ અને દયારહિત, એટલે કે કામીપુરૂષ રૂપી મૃગલાઓને મારવાના કામમાં શીકારી જેવો. સારા માણસો અને તેમની સ્ત્રીઓને સુખ આપનાર. તથા અખંડિત પણુચવાળા ધનુષને ધારણ કરનાર.

(૬૧) મોક્ષ પુરૂષાર્થ વર્ણન—

તથા આ ચૈત્ય મોક્ષ પુરૂષાર્થ સાથે સમાનતા ધારણ કરે છે કેવો મોક્ષ પુરૂષાર્થ ! અનંત સિદ્ધોનો સમાવેશ થઇ શકે તેવો હોવાથી ગંભીર, અથવા પૂર્વાવસ્થામાં શ્રુતજ્ઞાનવાળા સિદ્ધોએ દર્શાવેલ, નિત્ય (અવિનશ્વર). જ્યાં ચારિત્રને લીધે સ્થાન મેળવી શકાય તેવો અને અભ્યુદય કરનાર. સાધુઓને આનંદ આપનાર તથા શાશ્વત સુખ દેનાર. અને જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોથી અલંકૃત

(૬૨) દેહધારી સરસ્વતીનું વર્ણન—

તથા આ ચૈત્ય શ્રી સરસ્વતી સાથે સમાનતા ધારણ કરે છે. કેવી સરસ્વતી ! સેવા માટે આવેલા શ્રુતધરોથી ગંભીર બનેલી, હમેશાં પગથી મસ્તક સુધી સમ ચતુરસ્ર સંસ્થાનવાળી, સુંદર મસ્તકવાળી, મહાકવિઓને વરદાન આપનારી. અને સમગ્ર ગુણોનાં ભંડારરૂપ.

(૬૩) વચનરૂપ વાણીનું વર્ણન—

તથા આ દેરાસર વચનરૂપ વાણી સાથે સદશતા ધરાવે છે કેવી વાણી ! સંસ્કૃત, પ્રાકૃત, માગધી, શૌરસેની, પૈશાચિક અને અપભ્રંસ શબ્દો સાંભળવાથી ગંભીર, અથવા શ્રુતજ્ઞાનિ સ્થવિરો વગેરેએ અનેક અર્થો કરેલા હોવાને લીધે ગંભીર શબ્દોથી પ્રતિષ્ઠા અને અભ્યુદય પામેલી, વિદ્વાનોને પ્રિય થઇ પડેલી, સ્વૈરાઁ, રૈ.રી પાંચાલી રૂપ રચનાને લીધે સમગ્ર જગતને પ્રિય અને ઓજસ્ વગેરે અનેક ગુણોથી યુક્ત.

+,• આનુ વર્ણન અન્ય કરેલ લેઇ લેડ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૬૮) ખાઉધરી સ્રીનું વર્ણન—

તથા આ દેવાલય ખાઉધરી સ્રીની સમાનતા કરે છે કેવી તે સ્રી ? જેટલો આપે તેટલા ખોરાકને ખાઈ જવાથી ગભીર, હમેશાં ભક્ષણ કરવાના કાર્યને લીધે પ્રસિધ્ધિ મેળવેલી, બહુ ભક્ષીપણાને લીધે જ શરીરે મજબૂત બનેલી. અને ખૂબ ખોરાક ખાઇ જવાના ગુણવાળી.

(૬૯) સર્પિણી વર્ણન—

તથા આ ચૈત્ય સર્પિણી સાથે સરખાપણું ધારણ કરે છે. કેવી સર્પિણી ? બિલ (૬૨) વગેરેમાં ગમન કરનારી, ડંશ દેવાને લીધે ભય ઉપજાવનારી, ચરણ વગરના સર્પોથી જન્મ અને ઉન્નતિ પામેલી, સર્પોની પત્ની, કોઈનું પણ શુભ નહી કરનારી. એટલા માટે જ દોષયુક્ત હોવાને કારણે ગુણ વગરની.

(૭૦) સ્વૈરિણી વર્ણન—

તથા આ ચૈત્ય સ્વચ્છંદી સ્રી સાથે સામ્યતા ધરાવે છે. કેવી સ્વચ્છંદી સ્રી ? પરપુરૂષો સાથે ગમન કરનારી, લોકાપવાદ મારગ-વાને લીધે પતિને ભય ઉપજાવનારી, હમેશાં પોતાની મરજી માફક અનાચાર સેવવાથી અને ફરવાથી સ્વૈરિણી એવી પ્રતિષ્ઠા પામેલી, પોતાના પતિનો અંત આણનારી, પતિને કદી પણ સુખ નહી આપ-નારી, અથવા કદિ પણ હૃદયમાં પતિને સ્થાન નહી આપનારી, અથવા પરણેલા પતિ સાથે અનુકૂળ નહી રહેનારી એટલે વિરૂદ્ધ વર્તન કર-નારી. તેથી જ ગુણ વગરની ગણાએલી.

(૭૧) પંડિતા સ્રી વર્ણન—

તથા આ ચૈત્ય પંડિતા સ્રી સાથે સમાનતા ધારણ કરે છે કેવી પંડિતા ? સેવક જનને જ્ઞાન આપનારી, સર્વજ્ઞાન્ય સામગ્રયાને લીધે પ્રતિવાદીઓને ભય ઉપજાવનારી, સદા વરદાન આપનારી સર-સ્વતીની કૃપા વડે વાક્શક્તિ અને જ્ઞાન મેળવેલી, બુદ્ધિથી બ્રહ્માને પણ જીતનારી, અથવા સારા માણસોની સભામાં વાદલબ્ધિ

સંપન્ન હોવાને લીધે શ્રેષ્ઠ ગણાતી, અન્ય વાદિઓના સમૂહને જીતીને પોતાના આત્માને આનંદ આપનારી, અને ગંભીરતા આદિ અનેક ગુણોયુક્ત.

(૭૨) સુરૂપ વર્ણન—

તથા આ વિહાર રૂપવાન્ સાથે સમાનતા ધરાવે છે. કેમ કે રૂપવાન્ ગંભીર હૃદયવાળો, અગર જેનો નાભિનો ભાગ ગંભીર છે એવો. શ્રુતધારી પંડિતોથી અને દાનથી વખણાએલો, પગથી માંડીને આખા શરીરે સમચતુરસ્ર સંસ્થાનવાળો. સુંદર સુંદરીઓને અત્યંત પ્રિય. અથવા સરસ શૃંગાર સજેલો, **यत्राकृतिस्तत्र गुणा वसन्ति** આ વાક્યાનુસાર ઘણા ગુણોવાળો. અથવા શ્રેષ્ઠ શરીરવાળો હોવાને લીધે ગુણી પુરૂષોના સંસર્ગમાં આવનાર અને ગુણીજનોના સમાગમને લીધે સોબત કરનારામાં કેટલીક વખત કેટલાક ગુણો આવી શકે છે એટલા માટે જ સકળ ગુણોથી સંયુક્ત.

(૭૩) વાત્સ્યાયન મહર્ષિ વર્ણન—

તથા બુધ એટલે કામશાસ્ત્રના પ્રણેતા વાત્સ્યાયન મહર્ષિ સાથે આ ચૈત્ય સમાનતા ધારણ કરે છે. વાત્સ્યાયન ઋષિ સબંધે પૌરાણિક દંતકથા એવી છે કે—

બાલ બ્રહ્મચારી વાત્સ્યાયન ઋષિ પોતાના તપોબળથી દેહસહિત સ્વર્ગ લોકમાં ગયો. ત્યાં સભાપતિ ઇંદ્રે કહ્યું કે આ સ્વર્ગમાં શી રીતે આવ્યો? આના પાસે પૈસો ન હોવાને લીધે એણે કોઇ દેવમંદિર પરબ તળાવ વગેરે ધર્મસ્થાન બંધાવ્યાં નથી, તેમજ કોઇ પણ નવીન ગ્રંથની રચના કરી નથી. દુનીયામાં પ્રશંસા પ્રાપ્ત થાય એવું કંઇ પણ કામ કર્યા સિવાય માનવ દેહ સહિત સ્વર્ગમાં પ્રવેશ કરી શકે નહીં પરંતુ આ પોતાના તપોબળથી જ દેવાંગનાઓને પ્રિય થઇ જાય છે એ યુક્ત નથી. એમ કહી ઇંદ્રે હુંકારો કર્યો અને સભાસદોએ પણ હુંકારો કર્યો તેથી વાત્સ્યાયન ઋષિ પવને ઉડાવેલા આકડાના રૂની માફક પાછો પૃથ્વી ઉપર પડ્યો, અને વિચાર કર્યો કે હરેક પ્ર

વના ધર્મશાસ્ત્રો તો પૂર્વ પુરૂષોએ બનાવેલા છે. માટે કામશાસ્ત્ર રચું. પછી કામશાસ્ત્ર રચવાની ઈચ્છાથી પરકાયપ્રવેશ વિદ્યાના બળથી મૃત્યુ પામેલી રાજાની પટ્ટરાણીના શબમાં પ્રવેશ કરીને રાજા પાસેથી સર્વ કામવિદ્યા શીખીને રાણીના દેહને ત્યજીને ફરી મહર્ષિ બની ને કામશાસ્ત્રની રચના કરી અને પછી માનવ દેહયુક્ત દેવલોકમાં પ્રવેશ કર્યો. તેથી કામશાસ્ત્રનો રચનાર હોવાથી તે ગુરૂ કહેવાય છે વળી કેવો વાત્સ્યાયન ઋષિ ! રાજાએ કહેલા અનેક પ્રકારના કામશાસ્ત્રના રહસ્યનો ઉપદેશ સાંભળવાથી ગંભીર, શ્રેષ્ઠ બ્રહ્મચર્ય પાલન કરવાથી મહાત્મ્ય મેળવેલા વચનવાળો, અનુકૂલ નદીઓની માફક વિપથી માખુસો અને સર્વ સ્ત્રીઓને સુરત, આલિંગન, ચુંબન, નખક્ષત વગેરેથી આનંદ ઉપજાવનાર, અને ઘણા ગુણોથી સંપન્ન.

(૭૪) તાપસ વર્ણન.

તથા મહાદેવનો વેષ ધારણ કરનારા તાપસ સાથે આ ચૈત્ય સમાનતા ધરાવે છે. કેવો ભૌતિક તાપસ ! સર્વ તીર્થોમાં રહેલા શિવાલયોની યાત્રાએ જનાર, અવાજથી ભય ઉત્પન્ન કરનાર, હમેશાં ઘરોઘર ફરીને આજીવિકા ચલાવનાર, મહાદેવ અને તેમની સ્ત્રિઓ ગંગા અને ગૌરીની ભક્તિરચના ઉપર પ્રેમ ધરાવનાર. અને અત્યંત તમો ગુણ યુક્ત.

(૭૫) હરમૌલિ વર્ણન.

તથા આ ચૈત્ય મહાદેવના જટાજૂટ સાથે સદશતા ધરાવે છે. કેવી જટા ! ગંગા નદીના જળના પડવાના ઝાંકાર શબ્દ સાંભળવાથી ગંભીર, શ્રેષ્ઠ ગુંથણીને લીધે પ્રતિષ્ઠા મેળવેલી, મહાદેવની ગંગા અને ગૌરી સ્ત્રિઓએ શણગારેલી, તથા ઘણા દોરાઓથી ગુંથેલી

(૭૬) ગૌરી હૃદય વર્ણન.

તથા આ દેરાસર ગૌરીના હૃદય સાથે સામ્યતા ધરાવે છે કેવું હૃદય ! હાર, અર્ધહારના ઝણકાર શબ્દ સાંભળવાથી ગંભીર, શિવના નખક્ષતથી અંકિત, મહાદેવના હૃદય સાથે ગાઢ આલિંગન આપતાં

...મેળવેલ, સારી સ્ત્રીઓને ચુંબન વગેરેથી પ્રિય કરનાર, અથવા ...જેમાં સુંદર દેખાવવાળું અને પ્રીતિ ઉપજાવનાર, તથા કાંતિ-તેજ વગેરે ઘણા ગુણોથી સંપન્ન.

(૮૧) ચક્ર વર્ણન—

તથા આ દેરાસર અતિવાન ચક્ર સાથે સામ્યતા ધારણ કરે છે. ચક્રા ! આકાશમાં ગમન કરનાર, ઓળાદી વગેરેના ફળો જગતથી ઓળને ત્રંધ કપાયા, જેમાં મનુષ્યની માફક સ્પષ્ટ ...ના ઉપાસનાથી પ્રખ્યાતિ મેળવેલો, ચક્રી સાથે આનંદ ભોગ-નાર, અને સર્વ ગુણથી સંપન્ન.

(૮૨) સર્પદ્રષ્ટિ વર્ણન—

તથા આ ચૈત્ય સર્પના નેત્ર સાથે સદ્દશતા ધરાવે છે, કેવાં નેત્ર ! આકારથી ગંભીર, જેમાં ચરણ વગરના સર્પોથી પ્રતિષ્ઠા અને ઉન્નતિ મેળવેલ, સુંદર દેખાવયુક્ત, મનોહરજનોને આનંદ નહી ઉપજાવનાર, અને દોષયુક્ત હોવાને લીધે ગુણયુક્ત નહી.

(૮૩) કામી વર્ણન—

તથા આ ચૈત્ય કામી પુરૂષ સાથે સામ્યતા ધરાવે છે. કેવો કામી ! વિવિધ રાગ-રાગિણીઓમાં ગુંથેલા ગીતો સાંભળવાથી ગંભીર. વાત્સ્યાયન ઋષિએ પ્રરૂપેલા નખક્ષત, ચુંબન, આલિંગન વગેરે આચરણોથી પ્રતિષ્ઠા અને ઉદય મેળવેલ. સુંદર સ્ત્રીઓને સુરતાદિ સુખ આપનાર અને કાંતિ વગેરે ઘણા ગુણોથી યુક્ત

(૮૪) કામિની વર્ણન—

તથા આ જિનાલય કામિની સાથે સરખામણી કરે છે કે... કામિની ! દિવ્ય ભોગ સબંધી અવાજ સાંભળવાથી ગંભીર, ક... ચપળ અને કંઈક સ્થિર એવા ચરણોથી ગમન કરનારી, પતિ... આનંદ ઉપજાવનારી, અને સર્વ સ્ત્રી ગુણોથી યુક્ત.

(૮૯) રત્નપરીક્ષક વર્ણન—

તથા આ ચૈત્ય રત્નપરીક્ષક સાથે તુલના કરે છે. કેવો રત્નપરીક્ષક! રત્નપરીક્ષાના શાસ્ત્ર સાંભળવાથી ગંભીર. ખડન અને તાડન કરીને તેમજ ભક્ષણ કરીને આ રત્ન શુદ્ધ છે, આ રત્ન અશુદ્ધ છે, આ રત્ન સ્વરૂપ વર્ણવાળો છે વગેરે પરીક્ષાથી પ્રતિષ્ઠા અને આબાદી મેળવેલો, ચંદ્રકાંત, સૂર્યકાંત વગેરે મણિઓ વડે પોતાનું પ્રિય કરનાર, અને રત્નોના ગુણ-દોષ જાણવા સંબંધી ઘણા જ્ઞાન ગુણોથી યુક્ત.

(૯૦) આંગણાનું વર્ણન—

તથા આ જિનાલય આંગણા સાથે સામ્યતા ધરાવે છે કેવું આંગણું! ગંભીર, વિદ્વાનોના બેસવાથી અને સારાં સારાં કામો થવાને લીધે મહાત્મ્ય મેળવેલું, સુંદર સ્ત્રીઓને સ્વસ્તિક વગેરે રચના કરવાથી પ્રિય લાગે તેવું અને ઘણા ગુણોથી અલંકૃત.

(૯૧) મંગળકાંતિ વર્ણન—

તથા આ વિહાર મગળની કાંતિ સાથે વદશ્યતા ધરાવે છે. કેવી મગળની કાંતિ! શ્રુતજ્ઞાનિઓથી ગંભીર, ચારિત્રને લીધે આબાદી અને પ્રતિષ્ઠા મેળવેલી, સજ્જનોને પ્રિય કરનારી, અને ઘણા ગુણોની પ્રાપ્તિ કરાવનારી.

૯૨ નિધિકળશ વર્ણન—

તથા આ ચૈત્ય નિધિકળશ સાથે સમાનતા ધરાવે છે કેવો નિધિકળશ? જેનો પ્રમાણ ન જાણી શકાય તેવો હોવાથી ગંભીર, તે સમુદ્રમાંથી નિકળ્યો છે વગેરે વેદવાકયોથી અને સારા માણસોના આશ્રયથી અથવા સત્કર્મને લીધે પ્રખ્યાતિ મેળવેલ સાગરાભિ[illegible] વસ્તુને આપનાર, વિષ્ણુની પત્ની લક્ષ્મી વડે ઇચ્છિત કરાએલો [illegible] એટલા માટેજ સકલ ગુણથી વિભૂષિત.

(૯૩) જળચર વર્ણન—

તથા આ દેરાસર જળચર સાથે સામ્યતા ધરાવે છે [illegible] જળચર! ઉછળતા પક્ષીના અવાજથી ગંભીર, હમેશા મરણથી [illegible]

કરીને ખોરાક મેળવનાર, અથવા ભક્ષણ કરવાથી શારીરિક વૃત્તિ મેળવનાર, બીજા સૂક્ષ્મ જળચર જીવોનું ભક્ષણ કરવાથી કહ્યું છે કે—

> अस्ति मत्स्यस्तिमिर्नाम शतयोजनविस्तरः ।
> तिमिङ्गिलगिलोऽप्यस्ति तद्गिलोऽप्यस्ति राघव ।।

હે રાઘવ! સો યોજનના વિસ્તારવાળો તિમિ નામે મત્સ્ય હોય છે તેને ગળી જનાર તિમિંગલ નામે મત્સ્ય છે અને તેને ગળી જનાર મત્સ્યપણ છે. જગતમાં [illegible] અને [illegible] જન્ય હોવાને લીધે ગુણ રહિત.

(૬૬) દેવકુરુ [illegible]

તથા આ [illegible] દેવકુરુ સાથે સામ્યતા ધરાવે છે. [illegible] ઉત્પત્તિ સમય [illegible] રહેલાં [illegible] પૂર્વજન્મમાં કરેલા પુણ્યોને લીધે [illegible] દેવોમાં [illegible] દેવતાઓથી [illegible] [illegible]

(૬૭) [illegible]

તથા આ [illegible] સાથે [illegible] ધરાવે છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

(૧૧૧) સિદ્ધગતિ વર્ણન.

તથા સકલ કર્મપુંજ ખપાવીને આપની લક્ષ્મીવાળી સિદ્ધગતિ સાથે આ ચૈત્ય સમાનતા ધરાવે છે. કેવી સિદ્ધગતિ? મોક્ષ પ્રતિ ગમન કરનારા મુનિઓને સંસારથી ભય ઉત્પન્ન કરનારી હોવાથી ગંભીર, પ્રશ્ન–તે સિદ્ધગતિ શી રીતે મળી શકે? ઉત્તર–આશ્રવોથી યત્ન કરવાથી. હમેશાં ચારિત્રને લીધે પ્રતિષ્ઠા અને ઉર્ધ્વગમન મેળવેલી, સજ્જન પુરૂષોને આનંદ આપનારી હોવાને લીધે કાંતા સમાન, અનેકને પોતાના પ્રિય બનાવનાર. તથા જ્ઞાન, દર્શનાદિ ઘણા ગુણોથી યુક્ત

(૧૧૨) વેશ્યાસક્ત નર વર્ણન.

તથા લક્ષ્મીનો નાશ કરનારા વેશ્યાસક્ત જાર માણસ સાથે આ ચૈત્ય સમાનતા ધારણ કરે છે. કેવો જાર? હું તને વિશેષ ધન આપીશ એવી પ્રથમ વેશ્યા આગળ કબૂલાત કરીને ઘણું ઘણું કહેવા છતાં તેનો યોગ્ય નિવેડો નહી આણનાર હોવાથી ગંભીર. ગીત સાંભળવાથી અને તાંબૂલદાનાદિ આચરણવાળો હોવાથી વેશ્યાને ત્યાં સ્થાન મેળવેલ. અને વેશ્યા પાસેથી વૈભવ મેળવનાર, સુન્દર વેશ્યાથી વિશ્વ ભોગાદિ ઇચ્છિત આનંદ મેળવનાર*

(૧૧૫) શ્રી ઋષભદેવ વર્ણન.

તથા યુગની શરૂઆતમાં શિલ્પકળા વગેરે શિખવનાર શ્રી ઋષભદેવ સ્વામી સાથે આ ચૈત્ય સમાનતા ધરાવે છે કેવા શ્રી ઋષભદેવ? ત્રણ જ્ઞાનધારક હોવાને લીધે ગંભીર, વ્રતગ્રહણ કર્યા પછી વર્ષ દિવસ સુધી આહારરહિત રહેવારૂપ તથા હજાર વર્ષ સુધી મૌન ધારણ કરવારૂપ સદાચારથી મહાત્મ્ય મેળવેલા તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ સમવસરણમાં આવેલા ચારે નિકાયના દેવતાઓથી પૂજા સંબંધી ઉદય મેળવેલા, તેમજ મોક્ષરૂપી અભ્યુદય પ્રાપ્ત કરેલા. યુગલિકોની પત્નીઓને ધર્માધર્મની વ્યવસ્થા શીખવી તેમનું હિત કરનાર, તથા જ્ઞાન, દર્શન આદિ અનેક ગુણો યુક્ત

---

* આ પછીના ૧૧૩ ને ૧૧૪ એ બે અર્થ પણ મળી શક્યા નથી.

(૧૧૬) ભરત ચક્રવર્તી વર્ણન.

તથા ભરતચક્રવર્તી સાથે આ દેરાસર સમાનતા ધરાવે છે. કેવા ભરતચક્રવર્તી? ભરતક્ષેત્રના છએ ખંડમાં ગમન કરનાર. લોકો ઉપર પ્રથમ ભરત ચક્રવર્તીએજ રાજ્ય કરેલું. પરચક્રને ભય ઉપજાવનાર, ૬૪ હજાર સ્ત્રીઓ સાથે રતિસુખ મેળવવા દરેક રાત્રિએ પોતાના જેવા અનેકરૂપો ધારણ કરનાર. તેથીજ બહુરૂપધારી.

બાકીના વ્યાખ્યાનો ઉપર આવી ગયાં છે.

હેવટે ગ્રંથકારે ૧૧૬ અર્થોની અનુક્રમણિકા આપી છે તે ગ્રંથની શરૂઆતમાં આપી દીધેલી હોવાથી તેનો અનુવાદ કરવાની જરૂર રહેતી નથી.

[૨]

પંચાર્થ કાવ્ય.

(૧) બ્રહ્મપક્ષે—

જે વાણીને ધારણ કરે છે. વિષ્ણુની નાભિથી ઉત્પન્ન થયેલા હોવાને લીધે પોતાના આધારભૂત વિષ્ણુથી ઓળખાતા. હિરણ્યગર્ભ નામ હોવાને લીધે તેમથી વિરાજમાન. જે પ્રાણીઓના પાપનો ક્ષય કરવા સમર્થ છે. જેને પાણીમાં રહેવાની નિર્મળ વૃત્તિ છે, અર્થાત્ પાણીમાં વીર્યનિક્ષેપ કરનાર. અને સૂર્ય તથા ચંદ્ર તેમના લોચનો હોવાને કારણે જેમનાથી ઘણાઓનું કલ્યાણ થએલ છે એવા, બ્રહ્મા અમારા સુખને માટે થાઓ.

(૨) વિષ્ણુપક્ષે—

જે ગોવર્ધન પર્વત અને ધેનુ વૃંદને ધારણ કરે છે, જે ગરૂડ વાહન અને શ્યામ વર્ણથી ઓળખાય છે. શેષશાયી હોવાને લીધે જે નાગથી શોભિત છે. કલ્કિરૂપે મ્લેચ્છજાતિ હોવાને કારણે ખડ્ગ ધારણ કરી કલિકાળનો વિનાશ કરવા જે શક્તિમાન છે, જેનો નિવાસ જળમાં છે અને જેના સ્મરણથી ઘણાઓનું કલ્યાણ થાય છે, એવા વિષ્ણુ અમારા સુખને માટે થાઓ.

(૩) મહાદેવ પક્ષે—

જે ગંગા નદીને ધારણ કરે છે. જે મુકુટમાં રહેલા ચંદ્રમાથી ઓળખી શકાય છે. જે સર્પોના આભૂષણોથી શોભે છે. જે પાપને નાશ કરવા સમર્થ છે. જે અનેક નિર્મળ વરદાન આપનાર છે, અને જેનાથી શિવપદ પ્રાપ્ત થાય છે. એવા મહાદેવ અમારા સુખને માટે થાઓ.

(૪) સૂર્યપદે—

જે પંકજ આયુ સારથીને અને દ્યુતિને ધારણ કરે છે જેને સાત ઘોડાઓથી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. જે ઉદયાચલ ઉપર દેદીપ્ય-માન દેખાય છે. જે અંધકારનો નાશ કરવામાં અત્યંત શક્તિમાન છે, જેના નામથી વાર ચાલે છે. અને જેનાથી દરેકને આનંદ તથા નિરુપદ્રવપણું થાય છે એવો સૂર્ય અમારા સુખને માટે થાઓ.

(૫) ચંદ્રપદે—

જે વિખ્યાતજની માનિનીને ધારણ કરે છે. મૃગલાંછન હોવાથી આધારભૂત હરણને લીધે પ્રખ્યાતિમાં આવેલો, જે ઉજ્જવલ વર્ણથી ઐરાવણ સાથે જલમાં જન્મ મેળવેલ, અમૃતમય કિરણોવાળો અથવા તારારૂપી સ્ત્રીઓ સાથે એક દિવસના નિવાસ સમાન સ્થિતિ પાળનાર. સૌમ્યમદ હોવાને લીધે જેનાથી અત્યંત સુખી થાય છે, એવો ચંદ્ર અમારા સુખને માટે થાઓ.

(૬) પાર્શ્વજિન પદે—

જે મન, વચન અને કાયાના અશુભ વ્યાપારને રોકવા રૂપ યોગને અને પાંત્રીશ ગુણથી વિભૂષિત યોજનગામિની વાણીને ધારણ કરે છે,

જે ધરણેંદ્રથી ઓળખાય છે (અર્થાત્ ઘણા ભાગે તેમની મૂર્તિ સાથે ધરણેંદ્ર પદ્માવતીની મૂર્તિ હોય છે.) જે સર્પના લાંછનને ધરવાવાળા છે.

જે મેઘમાલિએ કરેલા જળના ઘોર ઉપસર્ગને સહન કરવાવાળા છે. અને જેમના ચરણકમળની સેવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુ અમારા સૌખ્યને માટે થાઓ.

[૩]

અનુલોમ પ્રતિલોમ શ્લોક.

—(*)—

વીતરાગપક્ષે—

જે સારા સ્વરવાળા હોવાને લીધે હંસ જેવા શબ્દવાળા કહેવાય છે. જે દેવોના દેવ છે. જે લોકોને માન્ય છે. ભય રહિત છે. જે ભવ્ય જીવોને વાદમાં સેવા કરવા યોગ્ય છે. જે ચંદ્ર સમાન આહ્લાદ આપનાર છે. અને જે કામદેવનો નાશ કરનાર છે એવા વીતરાગ પ્રભુને હું વંદું છું.

મહાદેવપક્ષે—

જે ' હંસનાદ ' એવા નામથી પ્રસિદ્ધ છે. જે બ્રહ્માને પૂજનીય છે. જે અન્ય દેવોથી ઉચ્ચ હોવાને લીધે દેવોના દેવ ગણાય છે. જે ભયરહિત છે. જે વિવાદના સમયમાં ભવિ જીવોને સેવા કરવા યોગ્ય છે. જે ઉજ્જવલ વર્ણ હોવાને લીધે ચંદ્રની પેઠે આહ્લાદ આપનાર છે અને જે કામદેવને ભસ્મ કરનાર છે એવા મહાદેવને હું વંદું છું.



[૮]

શ્રી સોમપ્રભાચાર્ય વિરચિત

શતાર્થ કાવ્ય.

—x—

મોપદેશના સમયે જેની વાણી કામધેનુની માફક દરેક જીવોના હૃદયને અનુકૂળ વિચિત્ર અર્થને ઉત્પન્ન કરે છે તે શ્રી તીર્થંકરદેવ અમને મોક્ષ સુખ આપો. ૧

વર્ષાદના પાણીથી લતાઓની પેઠે જેના સ્મરણમાત્રથી બુદ્ધિનો વિકાસ થવાથી મનુષ્યોનાં શ્રેષ્ઠ વચનો દીપી નીકળે છે તે, કૃપાવડે અનુગ્રહ કરનારી શ્રુતદેવી અમારૂં રક્ષણ કરો. ૨

વિશુદ્ધ ચંદ્રગચ્છરૂપી આકાશમાં પૂર્ણચંદ્ર સમાન શ્રી અજીતદેવસૂરિ થયા, કે જેમનાથી જિનેંદ્ર ધર્મરૂપી સમુદ્ર ઘનરૂપી જળ અત્યંત વૃદ્ધિ પામ્યો. ૩

તેમના ચરણ કમળમાં હંસ સમાન, બળવાન્ કામદેવરૂપી હાથીનો વિજય કરવામાં સિંહ જેવા શ્રીવિજયસિંહસૂરિ વર્તમાન સમયમાં વિજયવંતા વર્તે છે. જેમની ચારિત્ર પાલનની દુષ્કર પ્રવૃત્તિ જોઇને લોકો તીક્ષ્ણ તરવારની ધારાને પણ દ્રાખ જેવી કોમળ સમજે છે. (અર્થાત્ ખડ્ગની ધાર કરતાં પણ અસહ્ય સંયમ પાલન કરે છે.) ૪

તેમના ચરણ કમળમાં ભૃંગસમાન, અને પરોપકાર માટે મતિ ધરનાર શ્રીસોમપ્રભ એવા નામથી પ્રસિદ્ધ આચાર્ય શતાર્થ કાવ્ય ઉપર વૃત્તિ રચે છે. ૫

તે શતાર્થ કાવ્ય આ પ્રમાણેઃ-

कल्याणसार सवितानहरे क्षमोह
कान्तारवारण समान जयाद्यदेव ! ।
धर्मार्थ कामद महोदय वीर धीर
सोमप्रभाव परमागम सिद्धसूरे ॥

[આ પછી ૧૦૦ અર્થોના અનુક્રમે નામ આપેલાં છે, તે અનુક્રમણિકામાં આવી ગએલા હોવાથી અહિં તેમનો પુનઃ ઉલ્લેખ કરતાં નથી.]

૨૪ તીર્થંકરો.

(૧) ઇંદ્રોના સમૂહથી સેવાએલા ચરણવાળા શ્રીયુગાદિદેવ–

કલ્યાણ–મંગળરૂપી કમળોનો વિકાસ કરવામાં સૂર્યસમાન !, ઇંદ્રિયો, આત્મા, જ્ઞાન અગર વ્યવહાર સંબંધી ભ્રાંતિરૂપી વનનો ભંગ કરવામાં હસ્તી સમાન !, પુણ્ય, સાધુ તથા શ્રાવકનો આચાર, દ્રવ્ય, તેમજ ઇચ્છિત પદાર્થોને આપનાર !, પાંચશે ધનુષ્ય પ્રમાણે દેહ ધારી હોવાને કારણે મહાન્ ઉન્નતિવાળા !, સકળ કર્મ શત્રુઓનો વિજય કરવામાં શૂરવીર ! 'વર્ષ દિવસ સુધી પ્રભુ આહાર લીધા વગર વિચર્યા હતા' એવો આગમપાઠ હોવાથી ક્ષુધા, તૃષ્ણાદિ પરીષહ સહન કરવામાં સમર્થ !, ચંદ્ર સમાન આલ્હાદ ઉપજાવનાર !, સર્વ પ્રાણી માત્રની દયા જેમાં પ્રધાન છે એવા આગમવાળા ! અર્થાત् अत्थं भासइ अरहा અર્થ રૂપે સિદ્ધાંતો તીર્થંકરજ વર્ણવે છે. અને જેમનાથી પુંડરીક ગણધર વગેરે સિદ્ધિપદ પામ્યા છે એવા !, આ ચાલુ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર ! હે आद्यदेव ! શ્રી યુગાદિ દેવ ! તમે જયવંતા વર્તો

(૨) નમન કરતા દેવ સમૂહથી શોભતા શ્રીઅજિતનાથ–

સુવર્ણ પદ્મ સમાન કાંતિ યુક્ત !, ક્ષમા ધરનાર !, સુંદર ગમન કરનાર ! ગજ લંછન ધારક !, ગજલંછન જોવાથી આ અજિતજિન છે એમ કહેવી લોકોથી પૂજાએલ !, દેવોના દેવ !, ધર્મના હેતુ ભૂત !,

દેવાધિદેવ! અને વસુપૂજ્ય રાજાની પટરાણી જયાદેવીના પુત્ર! હે વાસુપૂજ્ય પ્રભો! તમો ભાવશત્રુને દૂર કરો.

(૧૩) નમન કરતા ઇંદ્રોના મુકુટમાં રહેલા મણીઓની પ્રભાથી દૈદિપ્યમાન બન્યાં છે ચરણ કમળ જેનાં એવા શ્રીવિમળનાથ–

સુવર્ણ કમળના વિસ્તાર સમાન દેહકાંતિ સંપન્ન!, ક્ષમા ધરનાર!, અંતર શત્રુઓનો પરાજય કરવાથી ગર્વયુક્ત!, ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થને આપનાર!, મુક્તિએ જવા કુશળ!, આલ્હાદ આપનાર!, શુદ્ધ આગમના પ્રરૂપક!, અને જેનાથી સુરિઓ સિદ્ધ થયા છે એવા, મનોહર!, જળના જેવા નિર્મળ સ્વરૂપવાળા હોવાથી હે વિમળ! તમે જય પામો.

(૧૪) અનંત કેવળ જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યથી સંપન્ન શ્રીઅનંતનાથ—

કલ્યાણથી શ્રેષ્ઠ!, દર્શન સંબંધી ભ્રાંતિનો નાશ કરવા સૂર્ય સમાન! (યથાર્થ પદાર્થના જ્ઞાનમાં થતી ભ્રાંતિને જેમ સૂર્ય હરે છે તેમ પ્રભુ પણ હરે છે.), માન અને જય યુક્ત!, દેવાધિદેવ!, ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થને આપનાર!, મોક્ષમાં ગમન કરવા દક્ષ!, આલ્હાદક!, અને જેના આગમથી, સૂરિઓ સિદ્ધ થયા છે એવા, શ્યેન પક્ષીના લંછનને ધરનાર! અંતે જતાં અટકાવનાર! અર્થાત હે અનંત! તમે ભાવશત્રુને દૂર કરો.

(૧૫) દશવિધ ×સાધુ ધર્મના ઉપદેશક શ્રીધર્મનાથ—

× ૧ ક્ષમા, ૨ નમ્રતા, ૩ સરળતા, ૪ શૌચ, ૫ સત્ય, ૬ સંયમ, ૭ તપ, ૮ નિર્લોભતા, ૯ નિષ્પરિગ્રહતા અને ૧૦ બ્રહ્મચર્ય. આ દશ પ્રકારે યતિ ધર્મ જણાય છે. ગીતાજીમા જણાવેલા બ્રાહ્મણના ધર્મો પણ પ્રાયઃ એને મળતા આવે છે તે આ પ્રમાણે-–

शमो दमस्तप. शौचं, क्षान्तिरार्जवमेव च ।
ध्यान विज्ञान मास्तिक्य, ब्रह्म कर्म स्वभावजम् ॥

ધર્મ સિવાય માત્ર અર્થકામદ અર્થાત્ અર્થ અને કામને આપનાર કહેવાથી પણ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થને આપનાર !, સુવર્ણકમળના જેવી કાયકાન્તિ ધરનાર !, ઇંદ્રિયજન્ય અજ્ઞાન રૂપી વનનો વિધ્વંસ કરવા હસ્તી સમાન !, દેવાધિદેવ !, મોક્ષે જવા સમર્થ !, આહ્લાદ આપનાર !, ઉચ્ચ સિદ્ધાંત !, અને જેમના સિદ્ધ થયા છે સૂરિઓ એવા, ધર્મ ! હે શ્રીધર્મનાથ !, પ્રભો તમે વિજયવંતા વર્તો.

(૧૬) પોતાના અવતારથી સર્વ ઉપદ્રવોની શાંતિ કરનારા શ્રીશાંતિનાથ—

